ગુજરાત લો સોસાયટી સંચાલિત

# સિટી સી. યુ. શાહ કોમર્સ કોલેજ


NAAC ACRE 'B' GRADE, 2.43 CGPA



# અભિવ્યક્તિ

## ૨૦૨૫-૨૦૨૬

# સ્ટાફ ફોટોગ્રાફ્સ



**SHRI SUDHIRBHAI NANAVATI**
Exe. Vice President
Gujarat Law Society



**SHRI DEVANG NANAVATI**
Hon. Secretary
Gujarat Law Society



**Dr. PRASHANT.T. JARIWALA**
Principal

## TEACHING STAFF



PROF.(DR) AJIT J. PARMAR



PROF.(DR) MAHESH.S.VASAVA



PROF.(DR) BINA .L.SHUKLA



PROF.(DR) MAHENDRA.H.MAISURIA



PROF.(DR) PULIN .K.BHATT



PROF.(DR) DIPA.S.TANK



PROF.(DR) KSHITI.S.BHATT



PROF.(DR) KALPESH.B.GELDA



PROF.(DR) ALPA .A.THAKER



PROF.(DR) SANDIP .V.BRAHBHATT



PROF.(DR) MANISH .M.PATEL



PROF.(DR) NILAY .V.PANCHAL



PROF.(DR) GARGI .P. PATEL



PROF.(DR) JIGNESH.B.TOGADIA

## ADMINISTRATIVE STAFF



KETAN .K.SHUKLA



ISHWAR.J.DESAI



GANPAT .S.CHAUHAN



BITTU.U.RAVAL



KHUSHBU.S. BRAHMBHATT



MANJI .K.PATEL



DHIMANT.N. PATEL



BHARAT .J. PARDESI

# અભિવ્યક્તિ

## ૨૦૨૫-૨૦૨૬

આચાર્યશ્રી (ડૉ.) પ્રશાંત. ટી. જરીવાલા

**સંપાદકો :**

પ્રા. (ડૉ.) બીના એલ. શુક્લ    પ્રા. (ડૉ.) અજીત . જે. પરમાર

પ્રા. (ડૉ.) ક્ષિતી એસ. ભટ્ટ    પ્રા. (ડૉ.) નિલય વી. પંચાલ

# સિટી સી. યુ. શાહ કોમર્સ કોલેજ

## (NAAC Accredited 'B' Grade, 2.43 CGPA)


લાલદરવાજા, અમદાવાદ- ૩૮૦ ૦૦૧.

ફોન: ૦૭૯-૨૫૫૦૬૯૩૪

ઈ –મેઈલ : citycomcollege@rediffmail.com

વેબસાઈટ : www.citycomcollege.org

# આચાર્યશ્રી ની નિમણુક







# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | નામ | પાનાં નંબર |
|---|---|---|---|
| 1. | સંપાદકીય | પ્રિ.(ડૉ) પ્રશાંત . ટી. જરીવાલા | 10 |
| 2. | આંતર સરવાણી | પ્રિ.(ડૉ) પ્રશાંત . ટી. જરીવાલા | 11 |
| 3. | વાર્ષિક અહેવાલ | પ્રા.(ડૉ) અલ્પા એ. ઠાકર | 12 |
| 4. | રમત ગમત નો અહેવાલ | પ્રા.(ડૉ) અજીત.જે. પરમાર | 22 |
| 5. | ધ્વજવંદન | પ્રા.(ડૉ) અજીત.જે. પરમાર | 22 |
| 6. | વિવિધ દિવસો ની ઉજવણી | પ્રા.(ડૉ) અજીત.જે. પરમાર | 23 |
| 7. | વિશ્વ યોગ દિવસ ની ઉજવણી | પ્રા.(ડૉ) અજીત.જે. પરમાર | 23 |
| 8. | એન. સી. સી. | પ્રા.(ડૉ) સંદીપ બ્રહ્મભટ્ટ ,પ્રા.(ડૉ) અજીત.જે. પરમાર | 23 |
| 9. | શિક્ષક દિનની ઉજવણી | પ્રા.(ડૉ) મનીષ પટેલ , પ્રા.(ડૉ) મહેશ . એસ. વસાવા | 24 |
| 10. | કોમર્સ આઇડોલ કોમ્પીટીશન | પ્રા.(ડૉ) અલ્પા એ. ઠાકર, પ્રા.(ડૉ) ગાર્ગી પટેલ,<br>પ્રા.(ડૉ) નિલય પંચાલ, પ્રા (ડૉ) જીગ્નેશ બી. તોગડિયા | 24 |
| 11. | પ્રિ ટી જે રાણા ઓપન બૂક કોમ્પીટીશન | પ્રા.(ડૉ) અલ્પા એ. ઠાકર , પ્રા.(ડૉ) ગાર્ગી પટેલ,<br>પ્રા.(ડૉ) નિલય પંચાલ, પ્રા (ડૉ) જીગ્નેશ બી. તોગડિયા | 25 |
| 12. | સાંસ્કૃતિક પ્રવૃતિઓ | પ્રા.(ડૉ) દીપાબેન ટાંક, પ્રા.(ડૉ) ગાર્ગી પટેલ,<br>પ્રા (ડૉ) જીગ્નેશ બી. તોગડિયા, પ્રા.(ડૉ) મનીષ પટેલ | 25 |
| 13. | કોલેજીયેટ વુમન ડેવલપમેન્ટ સેલ | પ્રા.(ડૉ) ક્ષિતિ ભટ્ટ | 27 |
| 14. | ગ્રંથાલય અહેવાલ | શ્રી ગણપતભાઈ ચૌહાણ ,<br>પ્રા.(ડૉ) મહેન્દ્ર . એચ. મૈસુરિયા, | 28 |
| 15. | સાર્જન્ટ (SGT) તરીકેનો મારો NCC અનુભવ | પ્રણવ અનિલકુમાર કદમ | 29 |
| 16. | રાષ્ટ્રીય સેવા યોજના | પ્રા.(ડૉ) મનીષ પટેલ , પ્રા.(ડૉ) મહેશ . એસ. વસાવા | 30 |
| 17. | પ્લેસમેન્ટ સેલ અને ઉદીશા | પ્રા.(ડૉ) કલ્પેશ .બી.ગેલડા, પ્રા.(ડૉ) સંદીપ બ્રહ્મભટ્ટ,<br>પ્રા.(ડૉ) મનીષ પટેલ | 31 |
| 18. | યુથ એમ્પાવરમેન્ટ કમિટી | પ્રા.(ડૉ) ગાર્ગી પટેલ, પ્રા.(ડૉ) પુલિન ભટ્ટ,<br>પ્રો ડૉ. નિલય પંચાલ | 31 |
| 19. | ઇનોવેશન કલબ | પ્રા.(ડૉ) નિલય પંચાલ, પ્રા (ડૉ) જીગ્નેશ બી તોગડિયા | 31 |
| 20. | જી.એલ.એસ વોઈસ | પ્રા.(ડૉ) અજીત.જે. પરમાર, પ્રા.(ડૉ)બી.એલ. શુક્લ,<br>પ્રા.(ડૉ) ક્ષિતિ ભટ્ટ, પ્રા.(ડૉ) નિલય પંચાલ, | 32 |
| 21. | ભૂતપૂર્વ વિદ્યાર્થી સમ્મેલન | પ્રા.(ડૉ) નિલય પંચાલ, પ્રા.(ડૉ) મહેશ . એસ. વસાવા,<br>પ્રા.(ડૉ) અજીત.જે. પરમાર, પ્રા.(ડૉ) મહેન્દ્ર એચ. મૈસુરિયા | 32 |
| 22. | સાયબર સુરક્ષા અને જાગૃતિ ક્લબ | પ્રા.(ડૉ) મનીષ પટેલ | 32 |

# માં સરસ્વતી વંદના



હે માં, મારા અંતરમનમાં ઘોર અંધકાર વ્યાપેલો છે અને અજ્ઞાન અને જડતાથી વ્યાપ્ત આ અંતઃતમસમાં હે જ્યોતિર્મયી આપણું અવતરણ હો. મારી અંદર વ્યાપેલા આ ઘોર અંધકારને મિટાવી દો.

હે માં, હું તારું આહ્વાન કરું છું. પરંતુ મારું મન દેવોનાં નંદનવન જેવું સુંદર અને સૌરભવન્તુ નથી કે નથી મારા મનોપ્રદેશમાં મલયાચલનાં સુગંધિત ચંદનની શીતળતા. મારું માં તો ઉજ્જડ મરુભૂમિ જેવું છે. હે કરુણામયી! મારા આ શુષ્ક મનોપ્રદેશમાં આપનું અવતરણ હો. હે માં સરસ્વતી! મારામાં કોઈ સુંદર કહી શકાય એવું કોઈ તત્વ નથી. મારું હૃદય તો ઘોર કાજળ કરતા પણ અધિક કાળું છે. માં! તું સત્યમ શિવમ અને સુન્દરમનું પ્રદાન કરવા વાળી છે. મારા આવા મ્લાન મનોપ્રદેશમાં હે મમતામયી તારું અવતરણ હો.

હે બ્રહ્મા વિષ્ણુ અને મહેશ વડે આરાધીતા! મને ઉત્તમ વિદ્યાદાન આપો અને મારામાં રહેલી જડતાને નિર્મૂળ કરી મને જ્ઞાનના ઓજસના દર્શન કરાવો.

## MISSION OF THE COLLEGE

"To expand the frontiers of knowledge and promote its dissemination through constant innovations and reforms in teaching and learning methods, seamlessly available to the whole community from among whom innovators and leaders will emerge."

## સંસ્થાનું ધ્યેય

સમાજના કેળવણીલક્ષી વિકાસ અર્થે વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખી સંસ્થા દરેક વિદ્યાર્થીને શ્રેષ્ઠ અને ગુણવત્તાસભર કેળવણી પૂરી પાડશે, સુધારાત્મક વલણો પ્રસ્થાપિત કરી વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેશે. સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને વ્યવસાયલક્ષી સૂઝ અને તાલીમ પુરા પાડશે.

## VISION OF THE COLLEGE

"The college shall provide high quality learner-centric education, strive towards continuous development by taking innovative steps, and provide professional capabilities and training to all and work towards development of knowledge society."

## સંસ્થાનું લક્ષ્યાંક

જે વિદ્યાર્થી જગતમાંથી સમાજને ભવિષ્યનું ઉમદા નેતૃત્વ અને સંશોધક પ્રતિભાઓ સંપન્ન થવાની છે તેવા વિદ્યાર્થીઓને જે પ્રવર્તમાન શિક્ષણ પદ્ધતિ, અધ્યાપન અને તાલીમ ઉપલબ્ધ છે તેમાં નવા નવા મૂલ્યો, સુધારાઓ અને સંશોધન આણી તેમના જ્ઞાનની ક્ષિતિજો અને ક્ષેત્રોનું વિસ્તરણ કરી શકશે.

# LIST OF COMMITTEES 2025-26

| | | |
|---|---|---|
| **EXAM COMMITTEE** | **SPORTS COMMITTEE** | **College DISCIPLINE & Anti Ragging COM.** |
| Prof. (Dr) Mahendra H. Maisuria | Prof. (Dr) Ajit J. Parmar | Prof. (Dr) Sandip V. Brahmbhatt |
| Prof. (Dr) Ajit J. Parmar | Prof. (Dr) Kalpesh B. Gelda | Prof. (Dr) Kshiti S Bhatt |
| Prof. (Dr) Bina L. Shukla | Prof. (Dr) Manish M. Patel | Prof. (Dr) Ajit J. Parmar |
| | Prof. G.P. Patel | |
| **BOOKBANK & LIBRARY COM.** | **INTERNAL QUALITY ASSURANCE CELL (IQAC)** | **CULTURAL & YOUTH FESTIVAL COMMITTEE** |
| Prof. (Dr) Mahendra H. Maisuria | Prof. (Dr) Pulin K Bhatt | Prof. (Dr) Dipa.S. Tank |
| Shri Ganpatbhai S Chauhan | Prof. (Dr) Bina L. Shukla | Prof. (Dr) Gargi P. Patel |
| Prof. (Dr) Manish M. Patel | Prof. (Dr) Mahendra H. Maisuria | Prof. (Dr) Jignesh. B. Togadia |
| | Prof. (Dr) Alpa A Thaker | Prof. (Dr) Manish M. Patel |
| | Prof. (Dr) Ajit J. Parmar | |
| | Prof. (Dr) Jignesh. B. Togadia | |
| | Prof. (Dr) Kalpesh B. Gelda | |
| **TIME-TABLE COMMITTEE** | **ALUMNI & PARENTS ASSO.** | **COLLEGIATE WOMEN'S DEVELOPMENT COMMITTEE** |
| Prof. (Dr) Ajit J. Parmar | Prof. (Dr) Nilay.V.Panchal | Prof. (Dr) Kshiti S Bhatt |
| Prof. (Dr) Mahendra H. Maisuria | Prof. (Dr) Mahesh S. Vasava | Prof. (Dr) Dipa S. Tank |
| Prof. (Dr) Alpa A. Thaker | Prof. (Dr) Ajit J. Parmar | Prof. (Dr) Mahesh S. Vasava |
| | Prof. (Dr) Mahendra H. Maisuria | Kum. Bittu Raval |
| **ADMISSION COMMITTEE** | **MAGAZINE & GLS VOICE COMMITTEE** | **RESEARCH & EXTENSION ACTIVITY COMMITTEE** |
| **U.G.** | Prof. (Dr) Bina L. Shukla | Prof. (Dr) Mahendra H. Maisuria |
| Prof. (Dr) Ajit J. Parmar Parmar & Team | Prof. (Dr) Ajit J. Parmar | Prof. (Dr) Kalpesh B. Gelda |
| **P.G** | Prof. (Dr) Kshiti S Bhatt | Prof. (Dr) Nilay.V.Panchal |
| Prof. (Dr) Alpa A. Thaker | Prof. (Dr) Nilay.V.Panchal | |
| Shri Ketan.K. Shukla | **FEEDBACK (STUDENTS SUGGESTION BOX) COMMITTEE** | **YOUTH EMPOWERMENT & PLACEMENT COMMITTEE** |
| **Infrastructure Committee** | Prof. (Dr) Ajit J. Parmar | Prof. (Dr) Gargi P. Patel |
| Prof. (Dr) Mahesh S. Vasava | Prof. (Dr) Alpa A. Thaker | Prof. (Dr) Nilay.V.Panchal |
| Prof. (Dr) Manish M. Patel | | Prof. (Dr) Pulin.K. Bhatt |
| Prof. (Dr) Jignesh. B. Togadia | | |
| **NSS COMMITTEE** | **UGC/RUSA/KCG COMMITTEE** | **COMMERCE CLUB (COMPETITION)** |
| Prof. (Dr) Manish M. Patel | Prof. (Dr) Mahendra H. Maisuria | Prof. (Dr) Alpa A. Thaker |
| Prof. (Dr) Mahesh S. Vasava | Prof. (Dr) Kalpesh. B. Gelda | Prof. (Dr) Jignesh. B. Togadia |
| | Prof. (Dr) Sandip. V. Brahmbhatt | Prof. (Dr) Gargi P. Patel |
| | | Prof. (Dr) Nilay V. Panchal |
| **SC/ST/OBC & MINORITY (SCHOLARSHIP) COMMITTEE** | **INDUSTRIAL VISIT COMMITTEE** | **PLACEMENT COMMITTEE** |
| Prof. (Dr) M S Vasava | Prof. (Dr) Jignesh. B. Togadia | Prof. (Dr) Kalpesh. B. Gelda |
| Prof. (Dr) Ajit J. Parmar | Prof. (Dr) Nilay V. Panchal | Prof. (Dr) Sandip. V. Brahmbhatt |
| Prof. (Dr) Dipa S. Tank | Prof. (Dr) Manish M. Patel | Prof. (Dr) Manish M. Patel |
| | Prof. (Dr) Gargi P. Patel | |
| **ANNUAL DAY COMMITTEE** | **NCC COMMITTEE** | **SCOPE/COMPUTER LAB** |
| Prof. (Dr) Ajit J. Parmar | Prof. (Dr) Sandip.V. Brahmbhatt | Prof. (Dr) Pulin.K. Bhatt |
| Prof. (Dr) Bina L Shukla | Prof. (Dr) Ajit.J. Parmar | Prof. (Dr) Bina. L .Shukla |
| Prof. (Dr) Alpa A. Thaker | | Prof. (Dr) .Kshiti.S. Bhatt |
| Prof. (Dr) Dipa S. Tank | | |
| Prof. (Dr) Sandip V. Brahmbhatt | | |

# કોલેજ પરિવાર

## એકાઉન્ટન્સી અને કોમર્સ

૧. પ્રિ.(ડૉ) પ્રશાંત . ટી. જરીવાલા
૨. પ્રા. (ડૉ) મહેશ એસ વસાવા
૩. પ્રા (ડૉ) અલ્પા એ. ઠાકર
૪. પ્રા (ડૉ) કલ્પેશ બી. ગેલડા
૫. પ્રા (ડૉ) સંદીપ વી. બ્રહ્મભટ્ટ
૬. પ્રા (ડૉ) ગાર્ગી પટેલ
૭. પ્રા (ડૉ) જીગ્નેશ બી તોગડિયા

## આંકડાશાસ્ત્ર

૧. પ્રા (ડૉ) મહેન્દ્ર. એચ. મૈસુરીયા
૨. પ્રા (ડૉ) નિલય પંચાલ

## અર્થશાસ્ત્ર

૧. પ્રા (ડૉ) દીપાબેન ટાંક
૨. પ્રા (ડૉ) મનિષ પટેલ

## અંગ્રેજી

૧. પ્રા (ડૉ) બીનાબેન શુક્લ
૨. પ્રા (ડૉ) પુલિન કે ભટ્ટ
૩. પ્રા (ડૉ) ક્ષિતીબેન ભટ્ટ

## બીઝનેસ લૉ

૧. પ્રા અમિત એમ. કોટક (પાર્ટ ટાઈમ)

## શારીરિક શિક્ષણ

૧. પ્રા (ડૉ) અજીત જે. પરમાર

## ગ્રંથપાલ

૧. શ્રી ગણપતભાઈ ચૌહાણ

## વહીવટી સ્ટાફ

૧. કેતન શુકલ
૨. શ્રી ઈશ્વરભાઈ દેસાઈ
૩.બિટ્ટુ.પી. વ્યાસ
૪. ખુશ્બુ .એસ. બ્રહ્મભટ્ટ

## સેવક ગણ

૧. શ્રી ભરત જે પરદેશી
૨. શ્રી માનજી કે પટેલ
૩. શ્રી ધીમંત એન પટેલ

# સંપાદકીય

ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદ સંચાલિત સિટી સી યુ શાહ કૉમર્સ કૉલેજ તેની વર્ષ દરમ્યાનની શિક્ષણેતર પ્રવૃત્તિઓનું રસપાન કરાવતો 'અભિવ્યક્તિ' 2025-26 નો આ અંક આપનાં કરકમળમાં મુકતા આનંદ અને હર્ષની લાગણી અનુભવે છે.

કૉલેજ  વિદ્યાર્થીઓના ભાવિ ઘડતર અને ચારિત્ર્ય નિર્માણમાં વિદ્યાર્થીઓને કેન્દ્ર સ્થાને રાખી શ્રેષ્ઠ અને ગુણવત્તાસભર કેળવણી પૂરી પાડવાનું છે. અહી કૉલેજમા, અભ્યાસક્રમની સાથે સાથે વાણિજ્ય ક્ષેત્રે થઇ રહેલા સતત અને ઝડપી ટેકનોલોજીકલ સુધારાઓ અને ફેરફારો પ્રમાણે વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી સૂઝ અને તાલીમ પૂરા પાડવામાં આવે છે. વિદ્યાર્થીઓ પોતાના વિચારોને યોગ્ય રીતે અભિવ્યક્ત કરી શકે અને તેમનામાં રહેલા આંતરિક વ્યક્તિગત ગુણોને વિકસાવવાની તક મળી રહે તે માટે કૉલેજ દ્વારા સઘન પ્રયત્નો કરવામાં આવે છે.

કૉલેજ શિક્ષણકાળ દરમ્યાન વિદ્યાર્થીઓ કૉમર્સ વિષયને લગતા તમામ પાસાઓ વિશે જાણકારી મેળવે છે. વર્ષ દરમિયાન અભ્યાસ અને અભિયાસેતર પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓના જ્ઞાનમાં સતત વધારો થાય તેમજ વિદ્યાર્થીઓનો સર્વતોમુખી વિકાસ થાય તેવા પ્રયાસો સંસ્થા કરી રહી છે. કૉલેજકાળ દરમિયાન વિદ્યાર્થી સામાજિક અને રાષ્ટ્રીય ઉત્કર્ષને લગતી પ્રવૃત્તિઓમાં ભાગ લઇને પોતાનું યોગદાન આપે તે માટે સંસ્થા સતત પ્રયત્નશીલ રહે છે.

અમારો આ અંક સમગ્ર વર્ષ દરમિયાન અમારી પ્રવૃત્તિઓનું પ્રતિબિંબ છે. સમગ્ર વર્ષ દરમિયાન સંસ્થા અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમતી રહી છે. આ તબક્કે આ મેગેઝીનના કાર્યમાં સહભાગી બનેલ તેમજ સહકાર આપેલ તમામનો ખુબ ખુબ આભાર માને છે. તેમજ કૉલેજની તમામ પ્રવૃતિઓમાં સક્રિય ભાગ લઇ, રસપૂર્વક જરૂરી સલાહ સુચન આપનાર આચાર્યશ્રી પ્રા.(ડૉ) પી. ટી. જરીવાલા સાહેબનો આ તબક્કે વિશેષ આભાર માને છે. તમારા અમૂલ્ય સૂચનો આવનારા અંકો ને વધુ સુંદર અને  ઉપયોગી બનાવશે, તો અવશય  આપશો.

# આંતર સરવાણી

**પ્રિ.(ડૉ) પ્રશાંત . ટી. જરીવાલા**

શૈક્ષણિક વર્ષ 2025 26 નો વાર્ષિક અંક 'અભિવ્યક્તિ' સીટી કોલેજ પરિવાર વતી રજૂ કરતા આનંદની લાગણી અનુભવ છું. આ અંક અમારી પ્રવૃત્તિઓનું પ્રતિબિંબ છે જે આપ સમક્ષ રજુ કરું છું. પ્રવૃત્તિઓની નોંધમાં કોઈ ખામી રહી ગઈ હોય તો સૂચનો આવકાર્ય છે

ડો. રાધાકૃષ્ણન સર્વપલ્લી શિક્ષણ અંગે પોતાના વિચારો વ્યક્ત કરતા કહે છે કે એક વિશ્વ વિદ્યાલય અથવા શૈક્ષણિક સંકુલ ભારતીય સભ્યતાના પ્રણેતા તરીકે પોતાની શૈક્ષણિક ભૂમિકા સાચા અને પુરા અર્થમાં ભજવી શકે તે માટે શિક્ષકો, અધ્યાપકો, પ્રાધ્યાપકો ની પ્રતિબદ્ધતા જરૂરી છે. ડો.રાધાકૃષ્ણન એક વાત સ્પષ્ટ કરે છે કે આપણા ભારતીય ચિંતનમાં શિક્ષણ અને કેળવણી એ કેવળ અક્ષર જ્ઞાન કે માહિતી પ્રદાન કરતું ભૌતિક તંત્ર કે યંત્ર નથી પરંતુ એ તો વાણી, વિદ્યા, વિવેક, સમજ અને જ્ઞાનની દેવી માતા સરસ્વતીનો જ દિવ્ય આવિષ્કાર છે જે મનુષ્ય ચેતનાને પૂર્ણત્વની અનુભૂતિ કરાવે છે. આ રીતે કેળવણીનું અંતિમ લક્ષ્ય,વિદ્યા એ જ મુક્તિ અપાવે, અને માતા સરસ્વતી દેવી આપણામાં રહેલ અંધકારમાંથી દિવ્ય પ્રકાશ તરફની પ્રગતિ કરાવે છે અને માત્ર ડિગ્રી નહીં પરંતુ જીવન જીવવાની ક્ષમતા અને સમજ અપાવી એક સાચા નાગરિકનું પણ ઘડતર કરે છે.

આમ શિક્ષણનો હેતુ માત્ર સાક્ષરતા નહીં પરંતુ સર્વાંગી વિકાસ છે આજની યુવા પેઢીને એવું શિક્ષણ મળવું જરૂરી છે કે જે તેને જીવન નિર્વાહના રસ્તાઓ બતાવે. જીવનને સુખ સમૃદ્ધ બનાવે. પણ સાથે સાથે ઉમદા મનુષ્ય બનીને જીવનને સાચા અર્થમાં સમજીને અને અન્યનો વિકાસ સાધી શકે. તે પ્રકારે સશક્ત બનાવે . આ જ આશયથી ૧૯૬૬ થી સિટી કોમર્સ કોલેજ વિદ્યાર્થી ઘડતરની વિશેષ જવાબદારી સફળતાપૂર્વક નિભાવે છે. શિક્ષણ તેમજ ઈતર પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક તેમજ રમતગમતની પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓનું યોગ્ય ઘડતર કરવામાં આવે છે આ ઉપરાંત કારકિર્દી માર્ગદર્શન તેમજ રોજગારીની તકો પણ વિદ્યાર્થીઓને મળી રહે તેવા સતત પ્રયાસો થાય છે.બહેનોની સુરક્ષા માટેનું સેલ માત્ર સુરક્ષા જ નહીં પરંતુ બહેનોને પગભર થવા માટેના યોગ્ય પ્રયત્નો પણ કરે છે.

કોલેજ મેગેઝીન એ કોલેજ પરિવારે કરેલ પ્રવૃત્તિઓનો ચિતાર છે. અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓની અભિવ્યક્તિ છે, તેમજ વર્ષ દરમિયાન થયેલ કામગીરીના સુંદર સંભારણા અને ફોટા રજૂ થયેલ છે .એક જૂથ થઈને પ્રવૃત્તિઓ તેમજ કામગીરીના તાલમેલથી જવાબદારીઓ ઉત્સાહપૂર્વક કરે છે અને નવા નવા સોપાનો સર કરે છે તે ગર્વની બાબત છે.

શિક્ષણ નવીનતા તરફ જઈ રહ્યું છે અને યુવાનો સામે તકો અને પડકારો બંને છે ત્યારે ભારતીય શિક્ષણ પદ્ધતિ આપણા વેદો ઉપનિષદો અને આપણા મૂળ તરફ યુવાનોને લઈ જાય છે પરંતુ સાથે સાથે આધુનિક ટેકનોલોજી અને કોમ્પ્યુટરના શિક્ષણ તેમજ સમયના બદલાવ માટે પણ તૈયાર કરે છે તે માટે કોલેજ નિષ્ણાતોના વ્યાખ્યાનો પણ યોજાય છે અને આ રીતે શિક્ષણ અને વ્યવસાય વચ્ચેના એક સેતુ બનવાનો પ્રયાસ પણ કરે છે . મધ્યમ વર્ગ માંથી આવતા વિદ્યાર્થીઓને યોગ્ય પ્રકારે સમય સાથે ચાલીને નવા પડકારોને નજર સમક્ષ રાખીને પ્રગતિ કરવાની તકો તેમજ એક સંપૂર્ણ પરિવાર જેવો માહોલ જ્યાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો વચ્ચે સુંદર તાલમેલ હોય ત્યાં આજના સમયમાં વિદ્યાર્થી તનાવ મુક્ત બનીને પોતાના પોતાની સમસ્યાઓ અહીં વ્યક્ત કરી શકે અને ભવિષ્ય માટે યોગ્ય માર્ગદર્શન પણ મેળવી શકે તે પ્રકારનું વાતાવરણ સીટી કોમર્સ કોલેજ વિદ્યાર્થીઓને આપે છે.

સ્વામી વિવેકાનંદે ખૂબ સચોટ રીતે જણાવ્યું છે કે શિક્ષણ એ છે જે મનુષ્યની અંદરની અનંત શક્તિને જગાડે.નવી શિક્ષણનીતિ અને ગુજરાત યુનિવર્સિટી માર્ગદર્શન હેઠળ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ અને જ્ઞાન ક્ષેત્રે સર્વોત્તમ કક્ષાએ પહોંચાડવાનો પ્રયાસ કોલેજ પરિવાર દ્વારા કરવામાં આવે છે અને અત્રે મને એ જણાવતા આનંદ થાય છે કે કોલેજ સ્ટાફ પરિવાર બધી જ જવાબદારીઓ ઉત્સાહપૂર્વક કરે છે અને નવા નવા સોપાનો સર કરે છે જે ગર્વની બાબત છે.

## વાર્ષિક અહેવાલ

**પ્રા.(ડૉ) અલ્પા એ. ઠાકર**

99 વર્ષ અગાઉ ઈ.સ.1927માં ભારત દેશના લોખંડી પુરુષ અને ભારત સરકારના પ્રથમ ગૃહમંત્રીશ્રી સરદાર વલ્લભભાઈ પટેલના વરદ હસ્તે કાયદાનું શિક્ષણ આપવા માટે ગુજરાત લૉ સોસાયટીની સ્થાપના કરવામાં આવી હતી. હાલમાં ડૉક્ટરેટ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. જેમાં આર્ટ્સ, કોમર્સ, લો, આઈ.ટી., મેનેજમેન્ટ, બીસીએ, એમસીએ, ડીઝાઇન જેવી અનેક ફેકલ્ટીમાં ઉચ્ચ શિક્ષણનું જ્ઞાન પીરસવામાં આવે છે. ગુજરાત લૉ સોસાયટી GLS ના નામ થી દેશ-વિદેશ માં ખૂબજ ઉંચી ખ્યાતિ ધરાવે છે. GLS વટવૃક્ષની એક ડાળ સિટી કોમર્સ કોલેજ છે. GLS ની આ વિશાળ શ્રુંખલાનાં સંચાલક શ્રી સુધીરભાઈ નાણાવટી સાહેબ કે જેઓ બૌદ્ધિક ક્ષમતા અને જ્ઞાનની અસીમ ક્ષિતિજો ધરાવતા કુશળ સંચાલક છે, જેમની દીર્ઘદ્રષ્ટી અને કૌશલ્યતાને કારણે June-2015 થી ગુજરાત લૉ સોસાયટી દ્વારા GLS યુનિવર્સિટીની સ્થાપના થયેલ છે જે આપણા સૌનાં માટે ગૌરવ છે.

GLS ની કોમર્સનાં ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણનું જ્ઞાન પિરસતી વિવિધ કોમર્સ કોલેજો પૈકીની સિટી સી.યુ. શાહ કોમર્સ કોલેજ અમદાવાદ શહેરની નામાંકિત કોમર્સ કોલેજ છે કે જ્યાં યોગ્ય શિક્ષણ અને તાલીમ દ્વારા વિદ્યાર્થીઓને સક્ષમ અને સમર્થ બનાવવામાં આવે છે.

60 વર્ષ અગાઉ 1966 ના વર્ષમાં સ્થપાયેલ સિટી સી.યુ. શાહ કોમર્સ કોલેજ અમદાવાદ શહેર વિસ્તાર માં કોમર્સ ક્ષેત્રે એક આગવું સ્થાન ધરાવે છે, કે જ્યાં વિદ્યાર્થીઓને કોમર્સના સ્નાતક અને અનુસ્નાતક ના અભ્યાસની સાથે તેમના ભાવિ ઘડતર અને ચારિત્ર નિર્માણ થાય તે માટે ભૂતપૂર્વ આચાર્યશ્રી ડૉ.એસ.કે.ત્રિવેદી સાહેબ અને વર્તમાન આચાર્યશ્રી ડૉ.પી.ટી.જરીવાલા સાહેબનું વ્યવસ્થાપન અને તેમની આગવી સુઝબુઝ તેમજ વિદ્વાન અધ્યાપકોના માર્ગદર્શનને કારણે સિટી કોમર્સ કોલેજ દરેક વર્ષે તેના વિઝન અને મિશન સિદ્ધ કરી શકી છે. આત્મ-નિર્ધારણ ની ચુંબકીય શક્તિ, વ્યક્તિ ને ધારેલી સફળતા કે સિદ્ધિ અપાવી શકે છે. સ્વામી વિવેકાનંદે પોતાના પુસ્તકમાં નોંધેલું છે કે દરેક બાળકમાં દિવ્યતા રહેલી છે. સમાજ અને રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્યનો આધાર વિદ્યાર્થીઓ ઉપર રહેલો છે. શાળા અને કોલેજો દ્વારા મૂલ્યો અને કૌશલ્યની ખિલવણી થાય તે માટે સવિશેષ પ્રયત્નો કરવા જોઈએ કે જેથી વિધાર્થીઓ કે જે રાષ્ટ્રની ભાવિ પેઢી છે તેઓ પડકારોનો સામનો સફળ અને સક્ષમ રીતે કરી શકે. જીવન ઘડતર માટે કેળવણીની જેટલી જરૂર છે એટલી જ જરૂર આજની અર્થવ્યવસ્થામાં જીવન કૌશલ્યના શિક્ષણ અને તાલીમની છે. અમે કોલેજમાં જે કઈ પ્રવૃતિઓ કરીએ છીએ તેના હૃદયમાં અમારા વિદ્યાર્થીઓ છે અને અમે તેમને એવી તકો અને અનુભવો પ્રદાન  કરવા માટે સતત પ્રયત્નશીલ રહીએ છીએ કે જેથી તેઓ સ્નાતક અને અનુસ્નાતક થયા પછી સફળ કારકિર્દી બનાવવા સક્ષમ બને .અમારી સાથે તેમના આ સમય દરમ્યાન તેમને મેળવેલ સિદ્ધિઓ આ સમગ્ર અહેવાલમાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવી છે જે અમારા માટે ગૌરવની ભાવના પેદા કરે છે .આ વાર્ષિક અહેવાલમાં શૈક્ષણિક વર્ષ 2025-26 ના સમયગાળાને આવરી લેવાયો છે

**CWDC:**

C W D C  હંમેશા વિદ્યાર્થીની બહેનો આર્થિક રીતે પગભર અને સક્ષમ બને તે હેતુથી અનેકવિધ વર્કશોપનું આયોજન કરે છે .  તે અંતર્ગત ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન ગ્લાસ પેઈન્ટીંગ વર્કશોપનું આયોજન તા 19/08/2025.થી તા.21/08/2025 દરમિયાન કરવામાં આવ્યું હતું ,જેમાં સંસ્થાની 2 6  વિદ્યાર્થીની બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો .  આ વર્કશોપમાં રિસોર્સ પર્સન તરીકે શ્રીજી એજ્યુકેશન ટ્રસ્ટ ) રજી.નં. E-13401) નાં શ્રી જયેશભાઈ ખોરસીયા એ બહેનો ને પેઈન્ટીંગની ટ્રેનિંગ આપી હતી .આ સમગ્ર વર્કશોપનું આયોજન ડૉ .ક્ષિતિ ભટ્ટ ,અને ડૉ . દીપા ટાંક દ્વારા કરવામાં આવ્યું હતું..

**આંતરરાષ્ટ્રીય યોગ દિવસઃ**

દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણી કોલેજમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી તા .21/06/2020 ના રોજ સવારે 8:00 કલાકે કરવામાં આવી આવી હતી .જેમાં કોલેજના આચાર્યશ્રી ,અધ્યાપકશ્રીઓ ,વહીવટી કર્મચારીઓ, રમત ગમત ના ખેલાડીઓ તથા એન.એસ.એસ ના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા .યોગ દિવસ ની ઉજવણીમાં ભાગ લેનારને પ્રાર્થના ,સૂક્ષ્મક્રિયાઓ ,આસનો ,સૂર્ય નમસ્કાર ,કપાલ ભાતિ ,પ્રાણાયામ વગેરે ક્રિયાઓ કરાવેલ હતી .કાર્યક્રમનું સંચાલન ડૉ .એ.જે .પરમાર અને ડૉ .સંદિપ બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવેલ હતું.

**સ્વતંત્રતા દિનની ઉજવણીઃ**

7 9 માં સ્વતંત્રતા દિનની ઉજવણીના ભાગરૂપે સમગ્ર ગુજરાત લૉ સોસાયટી સંચાલિત વિવિધ સંસ્થાઓનો ધ્વજવંદન કાર્યક્રમ 1 5 ઓગસ્ટ, 2020 ને શુક્રવારના રોજ સવારે 9:00 કલાકે સિટી કોલેજ કેમ્પસ ખાતે યોજાયેલ હતો . સ્વતંત્રતા દિનની ઉજવણીનો આ કાર્યક્રમ જી.એલ.એસ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ શ્રી ધર્મેશભાઈ શાહના અધ્યક્ષ પદે યોજાયેલ હતો .જેમાં ગુજરાત લૉ સોસાયટી સંચાલિત વિવિધ સંસ્થાઓના વડા ,અધ્યાપકશ્રીઓ અને વહીવટી કર્મચારીઓ હાજર રહેલ હતા .ઉપરાંત વિવિધ કોલેજના એન.સી.સી., એન.એસ.એસ .અને રમત ગમતના વિદ્યાર્થી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા .રંગોળી ,સુશોભન અને દેશભક્તિના ગીતો દ્વારા વિદ્યાર્થીઓએ રાષ્ટ્રભક્તિનું સુંદર વાતાવરણ ઊભું કરેલ હતું .ધ્વજવંદન કાર્યક્રમનુ સંચાલન ડૉ .એ .જે. પરમાર ,ડૉ .સંદિપ બ્રહ્મભટ્ટ અને એન.સી.સી ના વિદ્યાર્થીઓએ કર્યું હતું.

**એન.સી.સીઃ**

" એકતા અને શિસ્ત" ના ધ્યેય સાથે કાર્યરત આપણી સંસ્થાના N C C યુનિટ માટે આ વર્ષ ખુબ જ ગૌરવશાળી રહ્યું છે . આ વર્ષે નવા યુનિટની સ્થાપના સાથે કેડેટ્સમાં દેશ સેવા અને શિસ્તના નવા ઉત્સાહનો સંચાર થયો છે .વર્ષ દરમિયાન દર અઠવાડિયે નિયમિત પરેડ નું આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં કેડેટ્સને ડ્રીલ, મેપ રીડિંગ અને શસ્ત્ર તાલીમ આપવામાં આવી હતી . NCC ના CTO ઓફિસર ડૉ .સંદિપ બ્રહ્મભટ્ટ દ્વારા નવા જોડાયેલ કેડેટ્સને NCC ના ઈતિહાસ અને ગૌરવ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા .સ્વંતત્રતા દિવસ અને પ્રજાસતાક દિવસના રાષ્ટ્રીય પર્વો પર કેડેટ્સ દ્વારા શાનદાર પરેડ અને સલામી આપવામાં આવી હતી . આમ આ વર્ષ આપણી NCC પાંખ માટે સફળતા અને શીખવાની તકોથી ભરપુર રહ્યું હતું .ભવિષ્યમાં પણ આપણા કેડેટ્સ દેશના જવાબદાર નાગરિક બનીને રાષ્ટ્સેવામાં પ્રદાન આપતા રહેશે.

**એન.એસ.એસ.:**

ચાલુ શૈક્ષણિક વર્ષમાં NSS દ્વારા 30/08/2025 ને શનિવારના રોજ આપણી કોલેજમાં નિ:શુલ્ક (SMS) હોસ્પિટલ દ્વવારા મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ 82 વિદ્યાર્થીઓએ, 32 સ્ટાફ મેમ્બેર્સ તથા 20 જેવા બહારના વ્યક્તિઓએ મેડીકલ ચેકઅપ કરાવ્યું હતું. જેમાં ફીઝીશીયન દ્વારા હાડકાના રોગો, જોઈન્ટ રિપ્લેસમેન્ટ, ચામડીના રોગો, કાન-નાક-ગળાના રોગો, આંખના રોગો, સ્ત્રી રોગો જેવા વિવિધ રોગો અંગે ચેકઅપ કરવામાં આવ્યું હતું તથા નિ:શુલ્ક દવાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. જેનું આયોજન ડૉ.મનિષ પટેલ અને પ્રો.મહેશ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત ચાલુ શૈક્ષણિક વર્ષમાં NSS દ્વારા 21/12/2025 ને રવિવારના રોજ નૈનપુર મુકામે તબીબી તપાસ અને દવા વિતરણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગામના 450 જેટલા ગ્રામજનોએ તબીબી તપાસ કરાવી હતી. અમદાવાદના ડૉ. રાકેશભાઈ એન. પટેલ (M.D), ડૉ. નિલેષભાઈ પટેલ (M.S) તથા લાયન્સ ક્લબના સહયોગથી અન્ય 14 જેટલા ડોકટરો તબીબી કેમ્પમાં હાજર રહ્યા હતા. જેનું સંપૂર્ણ આયોજન ડૉ. સંદિપ બ્રહ્મભટ્ટ, ડૉ. મનિષ પટેલ અને પ્રો.મહેશ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

શૈક્ષણિક સિધ્ધિઓ ચાલુ શૈક્ષણિક વર્ષમાં આપણી કોલેજનાં નીચેનાં વિદ્યાર્થીઓએ ગુજરાત યુનિવર્સીટી ના જાહેર થયેલ પરિણામમાં યુનિવર્સિટી ના પ્રથમ 1 થી 50 માં નંબર પ્રાપ્ત કરેલ છે.

| ક્રમ નં. | વિદ્યાર્થીનું નામ | સેમેસ્ટર | રેન્ક |
|---|---|---|---|
| 1. | Suhanda Muskan Jitendra | B.com Sem. -5 | 8 |
| 2. | Malek Namirabanu Mahammed Salim | B.com Sem. -5 | 18 |

**સ્ટેટ લેવલ કોમર્સ આઈડોલ કોમ્પિટિશન:**

વિદ્યાર્થીઓમાં રહેલી વિષયલક્ષી અને વ્યક્તિત્વલક્ષી ક્ષમતાનું મૂલ્યાંકન કરવાના હેતુથી ચાલુ શૈક્ષણિક વર્ષમાં State Level Commerce Idol Competition નું આયોજન તા. 07/01/2026 ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ગુજરાત રાજ્યની જુદી જુદી 8 યુનિવર્સિટીની 25 કોમર્સ કોલેજોમાંથી 54 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધા ઓબ્જેક્ટીવ ટેસ્ટ, ગ્રુપ ડિસ્કશન અને પર્સનલ ઇન્ટરવ્યૂ તેમ 3 તબક્કામાં યોજાઇ હતી. જેમાં ડૉ. ડી.આર રાસ્તે, પ્રો. આર.ઓ.પટેલ અને ડૉ. ચેતના મારવાડી એ નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી.

સ્પર્ધાને અંતે એચ.એલ. કોલેજ ઓફ કોમર્સ નો વિદ્યાર્થી કુશલ દાયમા કોમર્સ આઇડોલ, એચ.એલ. કોલેજ ઓફ કોમર્સ ની વિદ્યાર્થીની જીયા પરીખ ફર્સ્ટ રનર્સ અપ અને ફેકલ્ટી ઓફ કોમર્સ (GLS University) ની વિદ્યાર્થીની નિહારિકા જૈન સેકન્ડ રનર્સ અપ તરીકે વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાને અંતે આચાર્યશ્રી ડૉ.પી.ટી.જરીવાલાએ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સફળ સંચાલન ડૉ. અલ્પા ઠાકર, ડૉ. ગાર્ગી પટેલ, ડૉ. નિલય પંચાલ અને ડૉ. જીજ્ઞેશ તોગડીયા દ્વારા કરવામાં આવ્યું.

**સ્વ. પ્રિ. ટી.જે.રાણા ઓપન બુક એકઝામ:**

વિદ્યાર્થીઓમાં રહેલી બૌદ્ધિક પ્રતિભાની ચકાસણી કરવા માટે Open Book Exam નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ રાઉન્ડની લેખિત પરીક્ષા તા. 10/01/2026 ના રોજ યોજાય હતી. જેમાં અમદાવાદ શહેરની જુદી જુદી બી.કોમ અને બી.બી.એ કોલેજમાં સેમેસ્ટર-6 માં અભ્યાસ કરતા 54 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. લેખિત પરીક્ષામાંથી પસંદગી પામેલ 10 વિદ્યાર્થીઓનો પર્સનલ ઇન્ટરવ્યુ તા.27/01/2026 ના રોજ લેવાયો હતો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રો. આર.ઓ.પટેલ સાહેબે (શ્રી સહજાનંદ વાણીજ્ય મહાવિદ્યાલય) સેવા આપી હતી. જેમાં પ્રથમ ક્રમે Faculty of Business Administration (GLS University) ના શ્રેની મુત્તા, દ્વિતીય ક્રમે H.L. College of Commerceના રિધ્ધિબા જાડેજા અને તૃતીય ક્રમે Faculty of Commerce (GLS University) ના જીયા જહા વિજેતા થયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના આચાર્યશ્રી ડૉ.પી.ટી.જરીવાલા સાહેબના માર્ગદર્શન હેઠળ કોમેર્સ ક્લબના કોઓર્ડિનેટર્સ ડૉ.અલ્પા ઠાકર, ડૉ. ગાર્ગી પટેલ, ડૉ. નિલય પંચાલ અને ડૉ. જીજ્ઞેશ તોગડીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

**રમતગમત:**

ગુજરાત યુનિવર્સિટી લોકલ સ્પોર્ટ્સ દ્વારા આયોજિત વિવિધ આંતરકોલેજ સ્પર્ધાઓમાં આપણી કોલેજના વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ભાગ લીધેલ હતો. સ્વિમિંગ, ક્રોસ કન્ટ્રી, કુસ્તી, ચેસ, વૉલી બોલ, ખો-ખો, કબડ્ડી,રાયફલ શૂટિંગ, પાવર લિફ્ટિંગ,ખેલકૂદ રમોત્સવ વગેરે સ્પર્ધાઓમાં ભાગ લઇ નોંધપાત્ર દેખાવ કરેલ હતો.

બી.કોમ સેમેસ્ટર-5 ના વિદ્યાર્થી પ્રજાપતિ ધ્રુવ વૉલીબોલમાં અને બી.કોમ સેમેસ્ટર-6 ના વિદ્યાર્થીઓ સોલંકી યશ અને શ્રીમાળી દિશા ખો-ખોમાં ગુજરાત યુનિવર્સિટી લોકલ સ્પોર્ટ્સ કમિટીની સ્પર્ધાઓમાં સારો દેખાવ કરીને ગુજરાત યુનિવર્સિટી ટીમમાં સિલેક્ટ થઈને ઇન્ટર યુનિવર્સિટીની સ્પર્ધાઓમાં રમવા ગયેલ હતા.

માઈનોર ગેમ્સ- ચેસ, કેરમ અને ટેબલ ટેનીસ જેવી ગેમ્સમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધેલ હતો અને ચેમ્પિયન તથા રનર્સ અપ બનેલ હતા. આ ઉપરાંત ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત વિવિધ કેમ્પ જેવા કે હિમાલયા કેમ્પ, બેઝીક માઉન્ટેનયરિંગ કેમ્પ, મરીન કેમ્પ, ફોરેસ્ટ કેમ્પ અને ડેઝર્ટ કેમ્પ માં આપણી કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધેલ હતો.

**સેમિનાર, વર્કશોપ અને ગેસ્ટ લેકચર:**

ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન જુદા જુદા ક્ષેત્રના કેરીઅર ગાઈડન્સ સેમીનાર નું આયોજન ડૉ. ગાર્ગી પટેલ , ડૉ. નિલય પંચાલ અને ડૉ. પુલિન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં,

- તા. 07/08/2025 ના રોજ SCOPE (Society for Creation of Opportunities through Proficiency in English) વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ કરવામાં આવ્યુ હતું જેમાં લગભગ 50 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
- તા. 21/08/2025 ના રોજ “CCC Computer certification exam Awareness” વિષય ઉપર AICIS દ્વારા સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં લગભગ 110 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
- તા. 22/08/2025 ના રોજ “Beyond the Classroom” વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ સેમિનારમાં વિદ્યાર્થીઓએ ઈન્ટરવ્યુ વખતે કઈ બાબત ધ્યાનમાં લેવી જોઈએ તેની માહિતી આપવામાં આવી. જેમાં લગભગ 60 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
- તા. 16/09/2025 ના રોજ “Awareness of HIV/AIDS” વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ કરવામાં આવ્યુ હતું જેમાં લગભગ 112 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
- તા. 18/09/2025 ના રોજ “Investment awareness Program” વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ કરવામાં આવ્યુ હતું જેમાં લગભગ 90 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
- તા. 19/09/2025 ના રોજ “Powerful AI tools use in daily life” વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ કરવામાં આવ્યુ હતું જેમાં લગભગ 75 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

**ઈનોવેશન ક્લબ:**

ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન ડૉ. નિલય પંચાલ અને ડૉ. જીજ્ઞેશ તોગડીયા દ્વારા ઈનોવેશન ક્લબ હેઠળ નીચેની તાલીમ અને સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું,

- તારીખ 12/09/2025 અને 13/09/2025 ના રોજ ઈનોવેશન ક્લબ હેઠળ પ્રબોધ લેવલની 2-દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ તાલીમમાં કોલેજના 30 જેટલા વિદ્યાર્થી ભાઈ બેહનોએ ભાગ લીધો હતો. જે અંતર્ગત વિદ્યાર્થીઓને સાયન્સ કીટ,રોબેટિક કીટ, ડ્રોન , 3-D પેન , ઇલેક્ટ્રિક કીટ. ટેલિસ્કોપ અંગેની પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી.
- ઈનોવેશન ક્લબ અંતર્ગત માટે તા. 15/12/2025ના રોજ વિદ્યાર્થીઓમાં ઊર્જા બચત અંગે જાગૃતિ ફેલાવવા અને પર્યાવરણ પ્રત્યે જવાબદારી વિકસાવવા માટે. “National Energy conservation Day” થીમ ઉપર Poster Competition નું આયોજન કરેલ. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

**સાયબર સુરક્ષા અને જાગૃતિ ક્લબ:**

ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન ડૉ. મનિષ પટેલ અને ડૉ. જીજ્ઞેશ તોગડીયા દ્વારા સાયબર સુરક્ષા અને જાગૃતિ ક્લબ હેઠળ વર્ષ દરમિયાન સાયબર સુરક્ષા અને જાગૃતિ ક્વિઝ , પોસ્ટર મેકિંગ સ્પર્ધા અને KCG ખાતે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના વિદ્યાર્થી ભાઈ - બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

**સાંસ્કૃતિક પ્રવૃતિઓ:**

ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન આપણી કોલેજમાં વિવિધ આંતરવર્ગીય સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ, જેમાં ડૉ.દીપા ટાંક, ડૉ. ગાર્ગી પટેલ, ડૉ. મનિષ પટેલ અને ડૉ. જીજ્ઞેશ તોગડીયા ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ ઉપરાંત એચ.કે.આર્ટસ કોલેજ, એચ.એલ. કોમર્સ કોલેજ દ્વારા આયોજીત રાજ્ય કક્ષાની વકતૃત્વ સ્પર્ધાઓ તેમજ એચ.એ.કોલેજ ઓફ કોમર્સ અને જી.એલ.એસ ફેકલ્ટી ઓફ કોમર્સ દ્વારા આયોજીત આંતરકોલેજ વકતૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

**વિવિધ ડે ની ઉજવણી:**

વિદ્યાર્થીઓમાં રહેલી શુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય તે આશય થી તા. 04/09/2025 ને ગુરુવાર ના રોજ શિક્ષક દિન ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજનાં 21 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. મનિષ પટેલ અને પ્રો.મહેશ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

તા. 12/01/2026ને સોમવારના દિવસે ગ્રુપ ડે અને તા. 13/01/2026 ને મંગળવારના દિવસે ટ્રેડીશનલ ડે અને ચેરીટી ડે ની ઉજવણી કરવામાં આવી જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, ઉપરાંત હાજર રહેલ વિદ્યાર્થીઓએ ડ્રગ્સ મુક્ત કેમ્પસ અંતર્ગત શપથ લીધેલ હતા. વિવિધ ડે ની ઉજવણી ના કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ.એ.જે.પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

**પ્લેસમેન્ટ સેલ:**

ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન સપ્ટેમ્બર- 2025 દરમ્યાન કોલેજ કક્ષાએ પ્લેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ખાનગી ક્ષેત્રની 5 કંપનીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ 55 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. આ ઉપરાંત ફેબ્રુઆરી-2026 માં નરોડા કોલેજ ખાતે યોજવામાં આવેલ મેગા પ્લેસમેન્ટ કેમ્પમાં આપણી કોલેજના 13 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. આ પ્લેસમેન્ટ સેલનું સફળ સંચાલન ડૉ. કલ્પેશ ગેલડા, ડૉ. સંદીપ બ્રહ્મભટ્ટ અને ડૉ. મનિષ પટેલ દ્વારા કરવામાં આવે છે.

**ગ્રંથાલય:**

આપણી કોલેજના ગ્રંથાલયમાં જ્ઞાન વિશ્વમાં સમાયેલ બધાજ વિષયોને આવરી લેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેમાં વિષયલક્ષી પુસ્તકો સિવાય વ્યક્તિ વિકાસ , તત્વ જ્ઞાન, ધર્મ શાસ્ત્ર, ભાષા શાસ્ત્ર, કોમ્પુટર, સાહિત્ય, ઈતિહાસ અને ભૂગોળ વગેરે વિષયના પુસ્તકો ની સંખ્યા નોંધપાત્ર છે. આજના સ્પર્ધાત્મકયુગમાં વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટે તથા તેમને સ્વરોજગારલક્ષી માહિતી પ્રાપ્ત થાય તે હેતુસર રોજગાર,સામાન્ય જ્ઞાન તથા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાને લગતા સામયિકો પણ મંગાવવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન નવા 1200 પુસ્તકોનો ઉમેરો થયો હતો, તે સાથે પુસ્તકોની કુલ સંખ્યા 39641 થઇ છે. હાલમાં લાયબ્રેરિયન તરીકે શ્રી ગણપતભાઈ ચૌહાણ સેવા આપી રહ્યા છે. ગ્રંથાલય કોઓર્ડિનેટર્સ તરીકે ડૉ.એમ.એચ.મૈસુરીયા અને ડૉ. મનિષ પટેલ કાર્યરત

**Alumni Meet:**

તા.20/09/2025 ને શનિવાર ના રોજ કોલેજનાં કે.આર.સંત હોલમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં 46 જેટલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે ગમ્મત ગુલાલ, નાટક જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રાખવામાં આવેલ હતા. કાર્યક્રમને અંતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એ પોતાના પ્રતિભાવો આપેલ અને સારા કાર્યો કેવી રીતે થઇ શકે તે અંગે પોતાનાં પ્રતિભાવો અને સૂચનો આપ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન ના માર્ગદર્શક કોલેજનાં પ્રિ. ડૉ.પી.ટી.જરીવાલા સાહેબ હતા, સાથે સહાયક તરીકે પ્રો.મહેશ વસાવા, ડૉ.એ.જે.પરમાર અને ડૉ.એમ.એચ.મૈસુરીયા સાહેબ રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન ડૉ. મનિષ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

**વિશેષ સિદ્ધિઓ:**

ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન આપણી કોલેજના આચાર્યશ્રી ડૉ. પી.ટી. જરીવાલા સાહેબ ના માર્ગદર્શન હેઠળ એક વિદ્યાર્થીએ તથા અધ્યાપકશ્રીઓ ડૉ. મહેન્દ્ર મૈસુરીયા, ડૉ.પુલિન ભટ્ટ અને ડૉ. કલ્પેશ ગેલડા ના માર્ગદર્શન હેઠળ બે - બે વિદ્યાર્થીઓએ ગુજરાત યુનિવર્સિટીમાંથી Ph.D. ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે.

આપણી કોલેજનાં એસોસિએટ પ્રોફેસર મહેશ વસાવાએ આ વર્ષે ગુજરાત યુનિવર્સિટીમાંથી Accountancy વિષયમાં Ph.D. ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે.

**નિવૃત્તિ:**

વય મર્યાદાના કારણે તા. 14/06/2025 ના રોજ શ્રી નિલેશભાઈ વોરા, ઑફીસ સૂપરિન્ટેન્ડન્ટ નિવૃત થયા હતા, તેમજ શ્રી ઈશ્વરભાઈ દેસાઈ, સિનિયર ક્લાર્ક તા. 31/10/2025 ના રોજ નિવૃત થયા હતા.

આ વાર્ષિક અહેવાલમાં દર્શાવેલ માહિતીઓ પૂરી પાડવા બદલ તમામ અધ્યાપકશ્રીઓ અને વહીવટી સ્ટાફના આભારી છીએ.

# ધ્વજવંદન કાર્યક્રમ










# એન. સી. સી અને એન. એસ. એસ.















## ઓપન બૂક પરીક્ષામાં ટ્રોફી એનાયત




લાલ દરવાજાની સી યુ શાહ કોમર્સ કોલેજ દ્વારા યોજાયેલી આતંર કોલેજ ઓપન બૂક પરીક્ષામાં એચ  એલ કોલેજના વિદ્યાર્થી અમલાની રાઝે પ્રથમ ક્રમ મેળવતા ઈનામ અપાયો હતો. તેમજ તેની કોલેજને પ્રિ. ટી. જે. રાણા ટ્રોફી એનાયત કરાઈ હતી. જ્યારે એચ એ કોલેજની દીપિકા રાજપુરોહિતે દ્વિતીય અને સી યુ શાહ કોલેજની પ્રીતિ ચાવાલાએ તૃતીય ક્રમ મેળવતા તેમને પણ પુરસ્કાર આપી સન્માનિત કરાયા હતા.

## સિ.ટી. સી.યુ.શાહ કોમર્સ કોલેજ નિ:શુલ્ક મેડિકલ નિદાન કેમ્પનું આયોજન




સિ.ટી. સી.યુ.શાહ કોમર્સ કોલેજના NSS યુનિટ દ્વારા સિ.ટી કેમ્પસ, લાલદરવાજા ખાતે ફ્રી મેડિકલ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓના હેલ્થને લગતા પ્રશ્નોનો ઉકેલ ડૉક્ટર દ્વારા આપવામાં આવ્યા હતા.



લાલ દરવાજાની સી યુ શાહ કોમર્સ કોલેજ ખાતે એક દિવસીય રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ વિષયો પર રિસર્ચ પેપર રજૂ કરવામાં આવ્યા હતા.

## સ્ટેટ લેવલ કોમર્સ આઇડોલ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું



સિટી સી.યુ.શાહ કોમર્સ કોલેજમાં સ્ટેટ લેવલ કોમર્સ આઈડોલ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ આ સ્પાર્ધામાં ભાગ લીધો અને પોતાની સમજણ અને આવડતથી આ જીત મળવીને ઈનામ પ્રાપ્ત કર્યા હતા.

City ભાસ્કર Amdavad Sunday, 2 February 2025 9327041782 BOLLYWOOD • 04

## કોમર્સ આઈડલ સ્પર્ધામાં વિજેતા બન્યા



જીએલએસ ફેકલ્ટી ઓફ કોમર્સના વિદ્યાર્થીઓએ રાજ્ય સ્તરીય કોમર્સ આઈડલ સ્પર્ધા જીતી. સિટી સી.યુ. શાહ કોમર્સ કોલેજ ખાતે યોજવામાં આવેલ આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ કોમર્સ ક્ષેત્રે પોતાની કુશળતા અને પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું.

# ઇનોવેશન ક્લબ , શિક્ષક દિનની ઉજવણી , પ્લેસમેન્ટ સેલ















# સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગેસ્ટ લેક્ચર અને કોલેજીયેટ વુમન ડેવલપમેન્ટ સેલ


















## રમત ગમત નો અહેવાલ

**પ્રા.(ડૉ) અજીત.જે. પરમાર**

ગુજરાત યુનિવર્સિટી લોકલ સ્પોર્ટ્સ દ્વારા આયોજિત વિવિધ આંતરકોલેજ સ્પર્ધાઓમાં આપણી કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ નીચે મુજબની વિવિધ આંતર કોલેજ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ છે. (1) સ્વિમિંગ (2) ચેસ (3)બેડમિન્ટન (4) કુસ્તી (5) ટેબલ ટેનીસ (6) રાયફલ શૂટિંગ (7) ક્રોસ કન્ટ્રી (8) ક્રિકેટ (9) કબડ્ડી (10) સાયકલીંગ (11) વોલી બોલ (12) ખો.ખો (13) ખેલકૂદ રરમતઉત્સવ

ઉપરોક્ત સ્પર્ધામાં વિદ્યાર્થી ભાઈ બહેનોએ સંતોષકારક દેખાવ કરેલ છે. જયારે નીચે મુજબની સ્પર્ધામાં નોંધપાત્ર દેખાવ કરેલ છે.

ઇન્ટર યુનિવર્સિટી પ્લેયર

| | | |
|---|---|---|
| (1) પ્રજાપતિ ધ્રુવ એમ. | B.Com Sem.5 | વોલીબોલ |
| (2) સોલંકી યશ | B.Com Sem.6 | ખો.ખો |
| (3) શ્રીમાળી દિશા | B.Com Sem.6 | ખો.ખો |

ગુજરાત યુનિવર્સિટી લોકલ સ્પોર્ટ્સ કમિટીની સ્પર્ધાઓમાં સારો દેખાવ કરીને ગુજરાત યુનિવર્સિટી ટીમમાં સિલેક્ટ થઈને ઇન્ટર યુનિવર્સિટીની સ્પર્ધાઓમાં રમવા ગયેલ છે .

**માઈનોર ગેમ્સ**

(1) ચેસ (2) કેરમ (3) ટેબલ ટેનીસ

ઉપરોક્ત માઈનોર ગેમ્સમાં વિદ્યાર્થી ભાઈ બેહનોએ ભાગ લીધેલ છે. અને ચેમ્પિયન અને રનર્સઅપ બનેલ છે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત વિવિધ કેમ્પ

(1) બેસિક માઉંનટેનીયરીંગ (2) હિમાલયા કેમ્પ (3) ફોરેસ્ટ કેમ્પ (4) મરીન કેમ્પ (5) ડેઝર્ટ કેમ્પ

ઉપરોક્ત કેમ્પમાં આપણી કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધેલ છે

## ધ્વજવંદન કાર્યક્રમ

**પ્રા.(ડૉ) અજીત.જે. પરમાર**

દર વર્ષની માફક ચાલુ વર્ષ પણ સમગ્ર ગુજરાત લો સોસાયટી સંચાલિત વિવિધ સંસ્થાઓના 79 માં સ્વતંત્રતા દિનની તારીખ 15-08-2025ને શુક્રવારના રોજ સવારે 8.45 કલાકે સિટી કેમ્પસ ખાતે સિટી સી યુ શાહ કોમર્સ કોલેજના યજમાન પદ નીચે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયેલ હતો.

મુખ્ય મેહમાન તરીકે જી.એલ.એસ યુનિવર્સીટીના પ્રોવોસ્ટ શ્રી ધર્મેશભાઈ શાહ ધ્વજવંદન કાર્યક્રમમાં ગુજરાત લો સોસાયટીની વિવિધ સંસ્થાઓના વડાશ્રી અધ્યાપક શ્રી , વહીવટી કર્મચારીઓ અને જી.એલ.એસ યુનિવર્સીટીના વિવિધ સંસ્થાઓના વડાશ્રી અને કર્મચારીઓ હાજર રહેલ હતા .

વિવિધ કોલેજના એન.સી.સી., એન.એસ.એસ. અને રમત ગમતના વિદ્યાર્થી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. રંગોળી, સુશોભન અને દેશભક્તિના ગીતો દ્વારા વિદ્યાર્થીઓએ રાષ્ટ્રભક્તિનું સુંદર વાતાવરણ ઊભું કરેલ હતું.

કાર્યક્રમનું સંચાલન પ્રો . સંદિપ બ્રહ્મભટ્ટ કરેલ છે. સ્વાગત પ્રવચન પ્રિ. કે.બી. ચોથાણી સાહેબ કરેલ છે. ધ્વજરોહણનું સંચાલન પ્રો.ડો. એ. જે. પરમાર અને એન.સી.સી ના વિદ્યાર્થીઓએ કરેલ છે.

આભારવિધિ પ્રિ.ડો.પી.ટી. જરીવાલા સાહેબે કરેલ છે.

ધ્વજવંદન કાર્યક્રમમાં પધારેલ મેહમાનો અને સ્ટાફ માટે અલ્પાહારની તેમજ વિદ્યાથીઓ માટે દુધની(અમુલ મિલ્ક) વ્યવસ્થા કરેલ હતી.

## વિવિધ દિવસો ની ઉજવણી

**પ્રા.(ડૉ) અજીત.જે. પરમાર**

1. તા 12-01-2026 સોમવાર- ગ્રુપ ડે
2. તા 13-01-2026 મંગળવાર- ટ્રેડિશનલ ડે , ચેરિટી ડે
3. ડ્રગ્સ મુક્ત કેમ્પસ શપથ

ઉપરોક્ત વિવિધ ડેની ઉજવણીમાં આપણી કોલેજના વિદ્યાર્થી ભાઈ બહનોએ ભાગ લીધેલ છે. વિવિધ ડેની ઉજવણીના કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના આચાર્યશ્રી , આધ્યાપકશ્રી અને વહીવટી કર્મચારીઓ , સિક્યુરિટી કર્મચારીઓએ સહયોગ આપ્યો હતો . વિદ્યાર્થીઓએ પણ વિવિધ ડેમાં શાંતિપૂર્વક ભાગ લઈને વિવિધ ડેની શાંતિપૂર્વક ઉજવણી કરેલ છે. હાજર રહેલ વિદ્યાર્થીઓએ ડ્રગ્સ મુક્ત કેમ્પસ અંગે શપથ લીધેલ છે.

## વિશ્વ યોગ દિવસ ની ઉજવણી

**પ્રા.(ડૉ) અજીત.જે. પરમાર**

દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણી કોલેજમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી તા. 21-06-2025ને શનિવારના રોજ સવારે 8:00 કલાકે કોલેજનાં ટેરસ પર યોજાયેલ હતો. જેમાં કોલેજના આચાર્યશ્રી, અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ,રમત ગમત ના ખેલાડીઓ તથા એન.એસ.એસ ના વિદ્યાર્થી ભાઈ બેહનોઓ હાજર રહી ભાગ લીધેલ છે.

યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેનારને જરૂરી સૂચનો આપી પ્રાર્થના , સૂક્ષ્મક્રિયાઓ, ઉભા રહીને કરવાના આસનો , નીચે બેસીને કરવાના આસનો , સૂર્ય નમસ્કાર, કપાલ ભાતિ, પ્રાણાયામ વગેરે ક્રિયાઓ કરાવેલ હતી.

પ્રા.(ડૉ) એ.જે. પરમાર અને રમતગમતના વિદ્યાર્થીઓ દ્વારા હાજર રહેલ વિદ્યાર્થી ભાઈ બેહનોને અને કર્મચારીઓને વિવિધ આસનો કરાવેલ હતા.

કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રા.(ડૉ) અજીત.જે. પરમાર અને પ્રા પ્રા.(ડૉ) સંદીપ બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં 20 સ્ટાફ અને 50 વિદ્યાર્થી ભાઈ બેહનોએ ભાગ લીધેલ છે.

## એન. સી. સી.

**ડૉ સંદીપ વી. બ્રહ્મભટ્ટ**

સંસ્થામાં NCC ના નવા યુનિટનો શુભારંભ
તારીખ : 13/08/2025
સ્થળ : સિટી સી.યુ.શાહ કોમર્સ કોલેજ લાલદરવાજા અમદાવાદ

**અહેવાલકર્તા : ડૉ સંદીપ વી. બ્રહ્મભટ્ટ**
"એકતા અને શિસ્ત" (Unity and Discipline) ના આદર્શ વાક્યને સાર્થક કરવા માટે, આપણી સંસ્થા સિટી સી.યુ.શાહ કોમર્સ કોલેજ ખાતે આ વર્ષે ગૌરવપૂર્વક NCC (National Cadet Corps) ના નવા યુનિટની સ્થાપના કરવામાં આવી છે. વિદ્યાર્થીઓમાં દેશભક્તિ, શિસ્ત, સાહસ અને નેતૃત્વના ગુણો ખીલે તે હેતુથી આ મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે.

**ઉદ્ઘાટન સમારોહ**
NCC યુનિટનો પ્રારંભ એક ભવ્ય કાર્યક્રમ દ્વારા કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે 37 Gujarat Bn NCC ના સુબેદાર યોગેન્દરસિંહ સાહેબ (2 સ્ટાર રેન્ક ) તથા પી આઈ તરીકે કિરીટસર અને નેતારામ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને એન.સી.સી. ગાન સાથે કરવામાં આવી હતી.

**પસંદગી પ્રક્રિયા**

નવા યુનિટમાં જોડાવા માટે વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અંદાજે 65 જેટલા વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી, જેમાંથી શારીરિક ક્ષમતા (Physical Test) અને લેખિત કસોટીના આધારે પ્રથમ બેચ માટે 34 કેડેટ્સની પસંદગી કરવામાં આવી છે.

**તાલીમ અને પ્રવૃત્તિઓ**

આ યુનિટ દ્વારા કેડેટ્સને નીચે મુજબની તાલીમ આપવામાં આવશે:

ડ્રીલ અને પરેડ : શિસ્ત અને સમૂહ ભાવના કેળવવા માટે.

શસ્ત્ર તાલીમ (Weapon Training): રાષ્ટ્ર સુરક્ષાની પાયાની સમજ માટે.

**સામાજિક સેવા :**

રક્તદાન શિબિર, વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાન જેવી પ્રવૃત્તિઓ.

કેમ્પ (Camps): વાર્ષિક તાલીમ કેમ્પ (ATC) અને નેશનલ લેવલના કેમ્પમાં સહભાગી થવાની તક.

**આચાર્યશ્રીનો સંદેશ**

સંસ્થાના આચાર્યશ્રી ડૉ પી.ટી.જરીવાલા સાહેબ એ નવા પસંદ થયેલા કેડેટ્સને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, "NCC માત્ર એક તાલીમ નથી, પરંતુ જીવન જીવવાની એક પદ્ધતિ છે જે વિદ્યાર્થીઓને જવાબદાર નાગરિક બનાવે છે."

**નિષ્કર્ષ**

આ નવા NCC યુનિટની શરૂઆતથી આપણી સંસ્થાના શૈક્ષણિક વાતાવરણમાં એક નવી ઊર્જાનો સંચાર થયો છે. આગામી સમયમાં આ કેડેટ્સ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ સંસ્થાનું નામ રોશન કરશે તેવી અમને પૂરી શ્રદ્ધા છે.

## શિક્ષક દિનની ઉજવણી

**પ્રા.(ડૉ) મનીષ પટેલ , પ્રા.(ડૉ) મહેન્દ્ર . એસ. વસાવા**

તા-04 સપ્ટેમ્બર, ૨૦૨૫ ને ગુરુવાર નાં રોજ કોલેજ ખાતે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવેલ જેમાં કુલ 21 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં વિદ્યાર્થીઓને ભાગ લેવા બદલ કોલેજનાં આચાર્ય શ્રી પ્રિ.(ડૉ) પ્રશાંત . ટી. જરીવાલા સાહેબે વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે ઇનામ આપેલ હતા.

## સ્ટેટ લેવલ કોમર્સ આઇડોલ

**પ્રા.(ડૉ) અલ્પા એ. ઠાકર, પ્રા.(ડૉ) ગાર્ગી પટેલ અને પ્રા.(ડૉ) નિલય પંચાલ., પ્રા (ડૉ) જીગ્નેશ બી. તોગડિયા**

વિદ્યાર્થીઓમાં રહેલી વિષયલક્ષી અને વ્યક્તિત્વલક્ષી ક્ષમતાનું મૂલ્યાંકન કરવાના હેતુથી દર વર્ષે State Level Commerce Idol Competition નું આયોજન કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં આ સ્પર્ધા તા. 07/01/2026 ના રોજ યોજાઇ હતી. જેમાં સમગ્ર ગુજરાત રાજ્યની જુદી જુદી 8 યુનિવર્સીટી ની 25 કોમર્સ કોલેજોમાંથી B.Com. Sem 6ના 70 વિદ્યાર્થીઓએ નામ નોંધાવ્યાં હતા, જેમાંથી 54 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધા ઓબ્જેક્ટીવ ટેસ્ટ, ગ્રુપ ડિસ્કશન અને પર્સનલ ઇન્ટરવ્યૂ તેમ 3 તબક્કામાં યોજાઇ હતી. જેમાં પ્રા.(ડૉ) ડી.આર રાસ્તે, પ્રો. આર.ઓ.પટેલ અને પ્રા.(ડૉ) ચેતના. મારવાડીએ નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી.

સ્પર્ધાને અંતે એચ.એલ. કોલેજ ઓફ કોમર્સ નો વિદ્યાર્થી કુશલ દાયમા કોમર્સ આઇડોલ, એચ.એલ. કોલેજ ઓફ કોમર્સ ની વિદ્યાર્થીની જીયા પરીખ ફર્સ્ટ રનર્સ અપ અને ફેકલ્ટી ઓફ કોમર્સ (GLS University) ની વિદ્યાર્થીની નિહારિકા જૈન સેકન્ડ રનર્સ અપ તરીકે વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાને અંતે આચાર્યશ્રી પ્રા.(ડૉ) પ્રશાંત ટી .જરીવાલાએ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સફળ સંચાલન પ્રા.(ડૉ) અલ્પા ઠાકર, પ્રા.(ડૉ) ગાર્ગી પટેલ, પ્રા.(ડૉ) નિલય પંચાલ અને પ્રા.(ડૉ) જીજ્ઞેશ તોગડીયા દ્વારા કરવામાં આવ્યું.

## પ્રિ. ટી. જે. રાણા ઓપન બુક કોમ્પિટીશન

**પ્રા.(ડૉ) અલ્પા એ. ઠાકર, પ્રા.(ડૉ) ગાર્ગી પટેલ અને પ્રા.(ડૉ) નિલય પંચાલ., પ્રા (ડૉ) જે બી તોગડિયા**

વિદ્યાર્થીઓમાં રહેલી બૌદ્ધિક પ્રતિભાની ચકાસણી કરવા માટે એક એવી પદ્ધતિથી પરીક્ષા લેવામાં આવે છે, જેમાં પુસ્તક સાથે રાખીને પ્રશ્નના જવાબ લખવાની તક આપવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં આ સ્પર્ધાની લેખિત પરીક્ષા તા. 10/01/26ના રોજ યોજાઈ હતી. જેમાં અમદાવાદ શહેરની જુદી જુદી B.Com અને B.B.A કોલેજમાં સેમેસ્ટર-6 માં અભ્યાસ કરતા 54 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. લેખિત પરીક્ષામાંથી પસંદગી પામેલ 10 વિદ્યાર્થીઓનો પર્સનલ ઇન્ટરવ્યુ તા.27/01/26ના રોજ લેવાયો હતો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રો. આર.ઓ.પટેલ સાહેબે (શ્રી સહજાનંદ વાણીજ્ય મહાવિદ્યાલય) સેવા આપી હતી. જેમાં પ્રથમ ક્રમે Faculty of Business Administration (GLS University) ના શ્રેની મુત્તા, દ્વિતીય ક્રમે H.L. College of Commerceના રિધ્ધિબા જાડેજા અને તૃતીય ક્રમે Faculty of Commerce (GLS University) ના જીયા જહા વિજેતા થયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના આચાર્યશ્રી પ્રા.(ડૉ) પ્રશાંત.ટી. જરીવાલા સાહેબના માર્ગદર્શન હેઠળ કોમર્સ ક્લબના કોઓર્ડિનેટર્સ પ્રા.(ડૉ)અલ્પા ઠાકર, પ્રા.(ડૉ) ગાર્ગી પટેલ,પ્રા.(ડૉ) નિલય પંચાલ અને પ્રા.(ડૉ) જીગ્નેશ તોગડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

**પ્રા.(ડૉ) દીપાબેન ટાંક, પ્રા.(ડૉ) ગાર્ગી પટેલ, પ્રા (ડૉ) જીગ્નેશ બી તોગડિયા, પ્રા.(ડૉ) મનીષ પટેલ**

સાહિત્ય અને કળા એ ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ છે. વિશ્વની વિવિધ સંસ્કૃતિઓમાં ભારતીય સંસ્કૃતિ હમેશા આગળ રહી છે. તેનું મુખ્ય કારણ તેમાં વ્યક્તિ અને વ્યક્તિત્વ વિકાસ ને કેન્દ્રમાં રખાયો છે. ભારતની દરેક યુનિવર્સીટીઓમાં અને કોલજો વિદ્યાર્થીઓના વ્યક્તિ વિકાસ ને મહત્વ આપે છે.

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ પોતાના વિચારો ની અભિવ્યક્તિ કરે છે. શૈક્ષણિક પ્રવૃતિની સાથે સાથે પોતાનો સર્વાંગી વિકાસ કરે છે અને પોતામાં રહેલી કળાનું પ્રદશન કરી સાચા અર્થમાં સર્વાંગી વિકાસ પ્રાપ્ત કરે છે.

ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન શૈક્ષણિક કાર્યની સાથે સાથે વિવધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કોલેજમાં કરવામાં આવ્યું. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના આયોજનથી વિદ્યાર્થીઓને તેમનામાં રહેલી સુષ્પ્ત શક્તિઓને કોલજ કક્ષાએ, આંતર કોલજ કક્ષાએ તેમજ રાજ્યકક્ષાએ વિવિધ પ્રવૃતિઓમાં રસપૂર્વક ભાગ લઇને સફળતા પ્રાપ્ત કરી.

### આંતર વર્ગીય સાંસ્કૃતિક સ્પર્ધાઓ

(1) તા. 25/8/2025ના રોજ આપણી કોલેજ દ્વારા "Mera Bharat, Viksit Bharat @ 2047"ના વિષય પર એક વકૃત્વ સ્પર્ધાનું આયોજન કેવામાં આવેલ. આ સ્પર્ધામાં કુલ 27 વિદ્યાર્થીઓએ ભાગ લેધેલ હતો અને તમામ વિદ્યાર્થીઓએ સુંદર રજૂઆત કરી હતી.આ સ્પર્ધામાં પ્રથમ નંબરે પાલ સ્નેહલ આર (સેમ-3)અને દ્વિતીય નંબરે પ્રણવ એ કદમ (સેમ-3) અને તૃતીય નંબરે શેખ ઇકરા (M કોમ, સેમ-1) આવેલ. . આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ પ્રાપ્ત થયેલ હતા.

(2) આપણી કોલેજ દ્વારા તા 25/8/2025ના રોજ આંતર વર્ગીય શૌર્ય ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં કુલ 22 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નીચેની ત્રણ વિદ્યાર્થીનીઓ વિજેતા જાહેર થયેલ હતા અને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ પ્રાપ્ત થયેલ હતા.

પ્રથમ; ડોરીયા કિરણ જગદીશભાઈ (સેમ-1)

દ્વિતીય ; ચોધરી પ્રીતિ આર (M COM, સેમ-3)

તૃતીય: પાલ નેહા આર (સેમ-3)

(3) આપણી કોલેજ દ્વારા 25 ઑગસ્ટ 2025ના રોજ ઇન્ટર-ક્લાસ કોલાજ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ 2 વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ અને તેઓએ સુંદર તથા આકર્ષક કોલાજ તૈયાર કરી તેમની પ્રતિભા દર્શાવેલ હતી. આ સ્પર્ધામાં સેમ-5 ની વિદ્યાર્થીની સોનાકર અંજલી આર. ને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ પ્રાપ્ત થયેલ હતા.

(4) આપણી કોલેજની વિદ્યાર્થીનીઓ માટે તા. 26/8/2025ના રોજ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ 10 જેટલી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નીચેની ત્રણ વિદ્યાર્થીનીઓ વિજેતા જાહેર થયેલ હતી અને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ પ્રાપ્ત થયેલ હતા.

પ્રથમ; અજમેરી આલિયા (01)

દ્વિતીય ; શેખ મહેર (સેમ-1)

તૃતીય: શેખ નમિતા (સેમ-3)

(5) આપણી કોલેજના વિદ્યાર્થી ભાઈ બહેનો માટે તા. 26/8/2025 ના રોજ "Operation Sindoor". ના વિષય ઉપર પોસ્ટર મેકીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. આ સ્પર્ધામાં કુલ 6 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સુથાર પ્રથમ (સેમ – 5) એ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ હતું અને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ પ્રાપ્ત થયેલ હતા.

(6) આપણી કોલેજના વિદ્યાર્થી ભાઈ બહેનો માટે તા. 26/8/2025 ના રોજ રંગોળીની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. રંગોળીની સ્પર્ધામાં કુલ 3 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સેમ-1 ની વિદ્યાર્થીની શ્રીયા આર પટેલ એ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ હતું. . આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ પ્રાપ્ત થયેલ હતા.

(7) આપણી કોલેજ દ્વારા 28 ઑગસ્ટ 2025ના રોજ "Cyber Security" વિષય પર ઇન્ટર-ક્લાસ કાર્ટૂનિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, કલ્પનાશક્તિ અને મહત્વપૂર્ણ સામાજિક મુદ્દાઓ પ્રત્યે જાગૃતિ વધારવાનો હતો. આ સ્પર્ધામાં કુલ 5 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સાયબર સુરક્ષા વિષય પર અર્થપૂર્ણ અને વિચારપ્રેરક કાર્ટૂન તૈયાર કરેલા .આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓને તેમની કળાત્મક પ્રતિભા દર્શાવવાનો તથા સાયબર સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવાનો ઉત્તમ અવસર મળ્યો. આ સ્પર્ધામાં નીચેના ત્રણ વિદ્યાર્થીઓ વિજેતા જાહેર થયેલ હતા. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ પ્રાપ્ત થયેલ હતા.

પ્રથમ; અંસારી આરઝુનાઝ મો. સલીમ (સેમ-3)

દ્વિતીય ; પઠાણ આફરીન અફઝલખાન (સેમ-3)

તૃતીય ; અંસારી ઇશાન વરીશ શાહિદ (સેમ-5)

(8) અમારા કોલેજના વોધાર્થીઓ માટે 28 ઑગસ્ટ 2025ના રોજ ઇન્ટર-ક્લાસ ક્લે મોડેલિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ 2 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને માટીથી ભગવાન હનુમાનજી અને ભગવાન ગણેશજીની સુંદર પ્રતિમાઓ તૈયાર કરી, જેમાં તેમની ભક્તિ, સર્જનાત્મકતા અને સુંદર કામગારી જોવા મળી. આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓને તેમની કળાત્મક પ્રતિભા રજૂ કરવાનો સારો અવસર મળ્યો. આ સ્પર્ધામાં સેમ-5 નો વિદ્યાર્થી સુથાર પ્રથમ ને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ પ્રાપ્ત થયેલ હતા.

(9) આપણી કોલેજ દ્વારા તા 28/8/2025ના રોજ આંતર વર્ગીય ક્વીઝ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં કુલ 22 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નીચેની ત્રણ વિદ્યાર્થીનીઓ વિજેતા જાહેર થયેલ હતી અને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ પ્રાપ્તયેલ હતા.

પ્રથમ; પાલ નેહા આર (સેમ-3)

દ્વિતીય ; ચોધરી ફોરમ એ (સેમ-3)

તૃતીય: મયુર પ્રજાપતિ (સેમ-3)

(10) આપણી કોલેજના વિદ્યાર્થી ભાઈ બહેનો માટે તા. 28/8/2025 ના રોજ "Artificial Intelligence (AI)" ના વિષય પર On the spot painting ની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. આ સ્પર્ધામાં કુલ 5 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પઠાણ આફરીન એ (સેમ – 3) એ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ હતું અને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ પ્રાપ્ત થયેલ હતા.

**આંતર-કોલેજ સ્પર્ધાઓ**

(1) શ્રી સત્ય સેવા સાઈ સંસ્થા (અમદાવાદ) અને એચ. કે. આર્ટ્સ કોલેજ દ્વારા 16 સપ્ટેમ્બર, 2025ના રોજ રાજ્ય કક્ષાની ઇન્ટર-કોલેજ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ચાર વિષયો આપવામાં આવ્યા હતા. અમારી કોલેજની પાલ નેહા આર (બી.કોમ સેમેસ્ટર–3) એ "AI (Artificial Intelligence) Advantages and Threats to the World" વિષય પસંદ કરીને આત્મવિશ્વાસપૂર્વક પોતાના વિચારો રજૂ કરી પ્રમાણપત્ર પ્રાપ્ત કરેલ .

(2) એમ. સી. શાહ કોમર્સ કોલેજ અને Cyber Security Awareness and Creative Handholding (CAWACH) Kendra સાયબર ક્લબ, કેન્દ્ર અને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના સહયોગથી 23/12/2025 થી 29/12/2025 દરમિયાન વિવિધ ઇન્ટર-કોલેજ સ્પર્ધાઓ (નિબંધ લેખન, પોસ્ટર મેકિંગ, કોલાજ, ક્વિઝ અને રંગોળી)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓ પૈકી અહતું.મારી કોલેજના સુથાર પ્રથમે (સેમેસ્ટર–6) પોસ્ટર મેકિંગની સ્પર્ધામાં ભાગ લીધેલ અને પ્રમાણપત્ર પ્રાપ્ત કરેલ .

(3) GLS ફેકલ્ટી ઓફ કોમર્સ અને સ્વામી વિવેકાનંદ સ્ટડી સર્કલ દ્વારા ઇન્ટર-કોલેજ સ્વામી વિવેકાનંદ વક્તૃત્વ સ્પર્ધા 2025–26નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા સેમિફાઇનલ અને ફાઇનલ એમ બે તબક્કામાં યોજાઈ હતી, જેમાં સેમિફાઇનલ માટે સ્વામી વિવેકાનંદના વિચારો પર આધારિત વિષયો આપવામાં આવ્યા હતા. અમારી કોલેજની પાલ નેહા (સેમેસ્ટર–4) એ 02/01/2026ના રોજ સેમિફાઇનલમાં ભાગ લીધો અને આત્મવિશ્વાસપૂર્વક પોતાના વિચારો રજૂ કરેલ અને પ્રમાણપત્ર પ્રાપ્ત કરેલ.

(4) એચ. એ. કોલેજ ઓફ કોમર્સ દ્વારા 16/01/2026ના રોજ ઇન્ટર-ક્લાસ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. "વિક્સિત ભારત: એક સપનું, સંકલ્પ અને વિકાસ" વિષય પર વિદ્યાર્થીઓએ દેશના વિકાસ અને યુવાનોની ભૂમિકા અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા. અમારી કોલેજની પાલ નેહા રમેશભાઈ (સેમેસ્ટર–(સેમ-4) એ સ્પર્ધામાં ભાગ લઈને પ્રમાણપત્ર પ્રાપ્ત કરેલ.

આમ વર્ષ દરમીયાન વિવિધ સાંસ્કૃતિક પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓ સાથે સતત સંપર્કમાં રહીને તેમનામાં પડેલી શક્તિઓને શોધી તેમણે યોગ્ય માર્ગદર્શન આપી વિવિધ ક્ષેત્રે યોજાતી સ્પર્ધાઓમાં તેઓ જોડાય તે માટે તેઓને પ્રેરણા આપવામાં આવી. સૌ અધ્યાપક મિત્રોએ સમયની પરવા કર્યા વિના વિદ્યાર્થીઓની સતત સાથે રહીને તેમણે પ્રોત્સાહિત કર્યા. કોલેજના પ્રિન્સીપાલ ડૉ. પી. ટી. જરીવાલા સાહેબે દરેક કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન અને પ્રેરણા પૂરી પાડી.

## Collegiate Women's Development Cell

**Prof (Dr).Kshiti Bhatt**

A glass painting workshop was organized by CWDC in the college from 19th to 21st August, 2025. The objective was to provide students with an opportunity to learn a new skill that may assist them in future for earning purpose, may help them to become self-reliant. 26 girl students participated in this workshop. The resource person Mr. Jayesh Khorasia from Shreeji Education Trust (Reg.no.E-13401), Ahmedabad taught the basics of this art. The workshop was successfully conducted by Dr. Kshiti Bhatt and Dr. Dipa Tank.

# ગ્રંથાલય અહેવાલ

**શ્રી ગણપતભાઈ ચૌહાણ , પ્રા.(ડૉ) મહેન્દ્ર એચ. મૈસુરિયા**

ભારતનાં પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ એ કહ્યું છે “ શિક્ષણનાં મુખ્યત્વે બે હેતુ છે એક સાંસ્કૃતિક જે વ્યક્તિત્વ વિકાસ કરે અને બીજો ગુણાત્મક હેતુ જે માણસને શું કરવું છે તેની સમજ અને શક્તિ આપે છે આ બંને હેતુઓ માનવજીવનનો આધારસ્તંભ છે.” શૈક્ષણિક સંસ્થાઓનાં બધાં કાર્યોના છેવટનો હેતુ વિદ્યાર્થીનાં સાંસ્કૃતિક અને ગુણાત્મક પાસાંઓનો વિકાસ કરવાનો છે. રાષ્ટ્રનાં આ ઉમદા હેતુને સિધ્ધ કરવાનાં કર્મયોગમા ભાગીદાર થવા ગુજરાત લૉ સોસાયટી દ્વારા અમદાવાદનું હૃદય ગણાતા લાલ દરવાજા વિસ્તારમાં સિટી સી યુ શાહ કૉલેજ ની સ્થાપના કરી.

કૉલેજ તેનાં સ્થાપના વર્ષ 1966 થી આ કાર્ય ખૂબ જ મહેનત અને ખંત પૂર્વક કરી રહી છે. શિક્ષણ ક્ષેત્રે પોતાની ક્ષિતિજો વિસ્તારવાના હેતુસર ગ્રંથાલયની સ્થાપના પણ વર્ષ 1966 થી જ કરવામાં આવી હતી. કૉલેજનાં વિકાસમાં સહભાગી બનેલાં આ ગ્રંથાલયે પોતાની એક વિશિષ્ટ છાપ ઉભી કરી છે. આ ગ્રંથાલયનો ગ્રંથ ભંડાર વિવિધ અનુદાન સભર છે.

**ગ્રંથાલયનો ગ્રંથ ભંડાર**

| વિગત | (2023-24) વર્ષનાં ગ્રંથ | ગત વર્ષનાં ગ્રંથ (2024-2025) | નવાં ખરીદેલ (2025-2026) | કુલ ગ્રંથ |
|---|---|---|---|---|
| સામાન્ય યોજના | 21394 | 2094 | 91200 | 23149 |
| યુ.જી.સી. યોજના | 11588 | 11588 | 0 | 11588 |
| બુકબેંક યોજના | 1993 | 1993 | 0 | 1993 |
| પી.જી યોજના | 2911 | 2911 | 0 | 2911 |
| કુલ | 37886 | 38441 | 1200 | 39641 |

આ ગ્રંથાલયના ગ્રંથ ભંડારમાં જ્ઞાન વિશ્વમાં સમાયેલ બધાંજ વિષયોને સમાવી લેવાનો પ્રયત્ન કરવામાં આવે છે, જેમાં વિષયલક્ષી ગ્રંથ સિવાય સામાન્ય જ્ઞાન, વ્યક્તિ વિકાસ, તત્વજ્ઞાન, ધર્મશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર, કૉમ્પ્યુટર, સાહિત્ય, ઈતિહાસ અને ભૂગોળ તથા જીવનચરિત્ર વગેરે વિષયનાં પુસ્તકોની સંખ્યા નોંધપાત્ર છે. આ ઉપરાંત ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા બહાર પડાતા રિપોર્ટ, રિઝર્વ બેંકનાં રિપોર્ટ, વસ્તી ગણતરી ડેટા અહેવાલ વગેરેનો પણ નિયમિતરૂપે સમાવેશ કરવામાં આવે છે.

આજનાં સ્પર્ધાત્મકયુગમાં વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ તથા સ્વરોજગારલક્ષી માહિતી પ્રાપ્ત થય તે હેતુસર રોજગાર, સામાન્ય જ્ઞાન તથા વિવિધ સ્પર્ધાત્મક પરિક્ષાને લગતાં સામયિકો પણ મંગાવવામાં આવે છે. આ સિવાય રોજબરોજની ઘટનાઓ તથા સાંપ્રત પ્રવાહોથી વિદ્યાર્થીઓ તથા શિક્ષકગણ માહિતગાર રહે તે માટે અંગ્રેજી અને ગુજરાતી ભાષાના દૈનિકપત્રો તથા વૈશ્વિક વ્યાપારની માહિતી આપતા દૈનિકપત્રો પણ મંગાવવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં ચારિત્ર નિર્માણ, નેતૃત્વ વિકાસનાં ગુણો ખીલે તથા તેમનાં સામાન્ય જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી ગ્રંથાલયમાં જ્ઞાનકોષ, શબ્દકોષ, જ્ઞાનસંહિતા, વાર્ષિકીઓ, ભૌગોલિક સ્રોતો, સંસ્થાકિય અહેવાલો, જીવન ચરિત્રાત્મક સ્રોતો જેવાં સંદ્રભગ્રંથો પણ વસાવવામાં આવ્યા છે, જેના ઉપયોગ વિશેની માહિતી ગ્રંથપાલ દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. વર્ષ દરમિયાન કૉલેજ દ્વારા યોજાતી વિવિધ સ્પ્રધાઓ તથા કૉલેજ સિવાયની અન્ય હરિફાઈઓ તથા પરીક્ષાઓની તૈયારી માટે આ વાંચન સામગ્રી દિશારૂપ બને છે. અત્રે એ નોંધનીય છે કે કૉલેજમાં વિદ્યાર્થીઓની આઈટી ક્ષેત્રની જાગૃતતા અનવ્યએ ઈન્ટરનેટ સુવિધાનો લાભ લેતાં હોય તે સમયે તેના

દૂરૂપયોગ ન કરે તેની તકેદારી પણ રાખવામા આવે છે. અત્રે એ નોંધનીય છે કે કૉલેજમાં ઈન્ટરનેટ સુવિધા મફત આપવામાં આવે છે.

આ કૉલેજમાં મોટાભાગના વિદ્યાર્થીઓ મધ્યમ તથા નિમ્ન મધ્યમ વર્ગનાં પરિવારમાંથી આવે છે. આવા વિદ્યાર્થીઓને અભ્યાસમાં સહાયરૂપ થવા વિદ્યાર્થીના શૈક્ષણિક પરિણામ તથા તેની આર્થિક પરિસ્થિતીને ધ્યાનમાં રાખી કૉલેજ દ્વારા બુકબેંક યોજના હેઠળ શક્ય તેટલાં અભ્યાસલક્ષી પુસ્તકો પૂરાં પાડવામાઅં આવે છે. ચાલુ વર્ષ દરમિયાન આ યોજનાનો લાભ લેનાર વિદ્યાર્થીઓની વિગત નીચે મુજબ છે.

| વિગત | વિદ્યાર્થીઓની સંખ્યા | મેળવેલ પુસ્તકો |
|---|---|---|
| F.Y. B.COM (SEM – 1& 2) | 73 | 565 |
| S.Y. B.COM (SEM – 3 & 4) | 75 | 442 |
| T.Y.B.COM (SEM - 5 & 6) | 102 | 509 |
| M.com. SEM (1,2,3, & 4) | 7 | 44 |

આ ગ્રંથાલયમાં અભ્યાસક્રમને અનુલક્ષતા સંદર્ભ પુસ્તકોની ખરીદી માટે અધ્યાપકોની કમિટિ બનાવવામાં આવેલ છે. તેઓ વિદ્યાર્થીઓની અભ્યાસરૂપી, તેમની કાર્યક્ષમતા અને તેમની વર્તમાન પ્રવાહને અનુલક્ષતી જરૂરીયાત અને ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં રાખી પુસ્તક પસંદગી કરે છે. આમ સમગ્ર વર્ષ દરમિયાન કૉલેજના સમયમાં ગ્રંથાલય વિદ્યાર્થીઓથી ભરચક રહે છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં ગ્રંથાલય મહત્વની ભૂમિકા ભજવે છે.

## સાર્જન્ટ (SGT) તરીકેનો મારો NCC અનુભવ

**પ્રણવ અનિલકુમાર કદમ**

મારું નામ SGT પ્રણવ અનિલકુમાર કદમ છે અને હું City C.U. Shah Commerce Collegeમાંથી છું, તેમજ 37 GUJ BN NCC હેઠળ સેવા આપું છું. NCCમાં મારો પ્રવાસ શિસ્ત, નેતૃત્વ અને વ્યક્તિગત વિકાસનો એક મૂલ્યવાન અનુભવ રહ્યો છે.

સિનિયર કેડેટ તરીકે, મારી જવાબદારી જુનિયર કેડેટ્સને માર્ગદર્શન આપવાની અને તાલીમ આપવાની હતી. મેં નિયમિત ડ્રિલ સત્રો યોજ્યા, જેમાં માર્ચિંગ, સલામી અને સ્ક્વૉડ ફોર્મેશનનો સમાવેશ થાય છે, જેના કારણે કેડેટ્સમાં સંકલન, આત્મવિશ્વાસ અને ટીમવર્ક વિકસ્યું.

મેં NCCના મૂલ્યો, શિસ્ત, નેતૃત્વ અને વ્યક્તિત્વ વિકાસ જેવા વિષયો પર વ્યાખ્યાનો પણ આપ્યા. આ સાથે, મેં કેડેટ્સને પરેડ તૈયારી, યુનિફોર્મ મેન્ટેનન્સમાં માર્ગદર્શન આપ્યું અને તેમને NCCની વિવિધ પ્રવૃત્તિઓ અને કેમ્પોમાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યાં.

આ અનુભવે મારા નેતૃત્વ કૌશલ્યો, જવાબદારીની ભાવના અને આત્મવિશ્વાસને મજબૂત બનાવ્યા છે. સાર્જન્ટ તરીકે, મેં માત્ર પોતાને સુધાર્યો નથી પરંતુ શિસ્તબદ્ધ અને જવાબદાર કેડેટ્સ બનાવવા માટે યોગદાન આપ્યું છે.

કુલ મળીને, NCCમાં મારો અનુભવ ખૂબ જ સમૃદ્ધ રહ્યો છે અને તે મારા જીવનનો મહત્વપૂર્ણ ભાગ રહેશે.

## રાષ્ટ્રીય સેવા યોજના

**પ્રો. (ડૉ). મનીષ પટેલ , પ્રો. (ડૉ). મહેશ વસાવા**

- સ્થાપના: રાષ્ટ્રીય સેવા યોજનાની સ્થાપના વર્ષ ૨૦૦૬-૨૦૦૭ થી કરવામાં આવી. આ યોજનાનો હેતુ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર ભાવના જાગૃત કરવી, ભાઈચારાની ભાવના વિકસાવવી, સુષુપ્ત શક્તિઓ બહાર લાવવી, સામાજિક જવાબદારી પ્રત્યે જાગૃતિ લાવવાના આશયથી આ કામગીરી શરુ કરવામાં આવી. ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માં કુલ ૧૦૮ વિદ્યાર્થીઓની એન. એસ. એસ. માં નોંધણી કરવામાં આવી છે.

- વિશ્વ યોગ ડે: તારીખ 21/06/2025ને શનિવાર ના રોજ સિટી સી યુ શાહ કોમર્સ કોલેજ, લાલ દરવાજા, અમદાવાદ ખાતે વિશ્વ યોગ ડે ઉજવાયો હતો, જેમાં NSS, અને કોલેજના 89 જેટલાં વિદ્યાર્થીઓ અને કોલેજ સ્ટાફે હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

- વૃક્ષારોપણ : સિટી સી. યુ. શાહ કોમર્સ કોલેજ લાલ દરવાજા અમદાવાદના વિદ્યાર્થીઓ દ્વારા તારીખ 20 12 2025 ને રવિવાર ના રોજ મહેમદાવાદ તાલુકાના નેનપુર ગામની પ્રમુખસ્વામી વિનય મંદિર હાઈસ્કૂલના મેદાનમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ. જેમાં જુદા જુદા 30 જેટલાં છોડ રોપવામાં આવ્યા હતા. જેમાં કોલેજ અને સ્કૂલના 35 જેટલાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં. NSS ના પ્રોગ્રામ ઓફિસર ડૉ મનીષ પટેલ , ડૉ મહેશ વસાવા સર એ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતુ અને વિદ્યાર્થીઓને છોડની જાળવણી અને માવજત અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતુ.

- 15 મી ઓગષ્ટ: સંસ્થામાં ધ્વજ વંદનનો રાષ્ટ્રીય કાર્યક્રમ સંસ્થાનાં મેદાન ઉપર યોજવામાં આવેલ હતો. . કોલેજ ખાતે યોજાયેલ ધ્વજ વંદનનાં કાર્યક્રમમાં 70 જેટલા વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી.

- શિક્ષક દિવસની ઉજવણી : તા-04 સપ્ટેમ્બર, ૨૦25 ને ગુરુવાર નાં રોજ કોલેજ ખાતે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવેલ જેમાં કુલ 21 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં વિદ્યાર્થીઓને ભાગ લેવા બદલ કોલેજનાં આચાર્ય શ્રી ડૉ પી.ટી.જરીવાલા સાહેબે વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે ઇનામ આપેલ હતા.

- કોલેજ કેમ્પસ સફાઈ: કોલેજનાં વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતતા લાવવા માટે તેમ જ 'જ્યાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા' નો મંત્ર સમજાવવા માટે કોલેજમાં એક સ્વચ્છતાનાં કાર્યક્રમનું ઓગસ્ટ માસમાં આયોજન કરવામાં આવેલ જેમાં કોલેજનાં 26 સ્વયંસેવકોએ ભાગ લીધેલ. આ કાર્યક્રમમાં સમગ્ર કેમ્પસની સાફસફાઈ કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના એન.એસ.એસના પ્રોગ્રામ ઓફિસર ડૉ મનીષ પટેલ , ડૉ મહેશ વસાવા સર ની દેખરેખ હેઠળ કરવામાં આવેલ.

- એન.એસ.એસ- ચાલુ શૈક્ષણિક વર્ષમાં NSS દ્વારા 30/08/2025 ને શનિવારના રોજ આપણી કોલેજમાં નિ:શુલ્ક (SMS) હોસ્પિટલ દવારા મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ 82 વિદ્યાર્થીઓએ, 32 સ્ટાફ મેમ્બર્સ તથા 20 જેવા બહારના વ્યક્તિઓએ મેડીકલ ચેકઅપ કરાવ્યું હતું. જેમાં ફીઝીશીયન દ્વારા હાડકાના રોગો, જોઈન્ટ રિપ્લેસમેન્ટ, ચામડીના રોગો, કાન-નાક-ગળાના રોગો, આંખના રોગો, સ્ત્રી રોગો જેવા વિવિધ રોગો અંગે ચેકઅપ કરવામાં આવ્યું હતુ તથા નિ:શુલ્ક દવાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. જેનું આયોજન ડૉ.મનિષ પટેલ અને પ્રો.મહેશ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

- NSS ANNUAL CAMP: એન.એસ.એસની વાર્ષિક શિબિર તા. 21-12-25 ને રવિવાર ના રોજ મહેમદાવાદ તાલુકાના નેનપુર ગામે એન.એસ.એસની વાર્ષિક શિબિર યોજાઈ ગઈ જેમાં 33 જેટલા સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. શિબિર દરમ્યાન શેરી નાટકો, વ્યસનમુક્તિ, અંધ શ્રદ્ધા નિવારણ, વેશભુષા,, મેડીકલ કેમ્પ, સ્વચ્છતા અભિયાન જેવી પ્રવુતિમાં ભાગ લીધો હતો .

## Placement Cell and Udisha

**Prof. Dr.Kalpesh. B. Gelda, Prof. Dr. Sandip. V. Brahmbhatt Prof. Dr.Manish . M. Patel**

A Placement drive was organized on 03-09-2025 at City C.U. Shah Commerce College. 5 Industries and 78 students participated in this Placement Camp. 55 students were selected for placement in this placement drive. Similarly, a Mega Placement Camp was organized on 27-2-2026 at Naroda Government Commerce College. 35 Industries from different sectors participated in this camp. 13 students from City C.U. Shah Commerce College were selected in this camp.

## યુથ એમ્પાવરમેન્ટ કમિટી

**પ્રો. (ડૉ) પુલિન ભટ્ટ પ્રો. (ડૉ) નિલય પંચાલ અને પ્રા.(ડૉ) ગાર્ગીબેન પટેલ**

યુથ એમ્પાવરમેન્ટ કમિટીનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેનું સક્ષમ પ્લેટફોર્મ પૂરું પાડીને ભવિષ્યની સફળ કારકિર્દીનું આયોજન કરવાની તક પૂરી પાડવાનો છે. આ હેતુ સિદ્ધ કરવા માટે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન જુદા જુદા ક્ષેત્રના કેરીઅર ગાઇડન્સ સેમીનાર નું આયોજન પ્રા.(ડૉ) પુલીન ભટ્ટ,પ્રા.(ડૉ) નિલય પંચાલ અને પ્રા.(ડૉ) ગાર્ગીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક વર્ષ 2025-26 દરમિયાન યોજાયેલા કાર્યક્રમની વિગતો નીચે મુજમ છે.

| તારીખ | વિગત |
|---|---|
| 07/08/2025 | A seminar on SCOPE (Society for Creation of Opportunities through Proficiency in English) |
| 21/08/2025 | A seminar on CCC Computer certification exam Awareness. |
| 22/08/2025 | A seminar on Beyond the Classroom- interview Skills. |
| 16/09/2025 | A seminar on Awareness of HIV/AIDS. |
| 18/09/2025 | A seminar on Investment awareness program. |
| 19/09/2025 | A seminar on Powerful AI tools uses in daily life |

## ઇનોવેશન ક્લબ

**પ્રો. (ડૉ) નિલય પંચાલ, પ્રા (ડૉ) જીગ્નેશ બી તોગડિયા**

- ઇનોવેશન ક્લબ હેઠળ તારીખ 12/09/2025 અને 13/09/2025 ના રોજ ઇનોવેશન ક્લબ હેઠળ પ્રબોધ લેવલની 2-દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ તાલીમમાં કોલેજના 30 જેટલા વિદ્યાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. જે અંતર્ગત વિદ્યાર્થીઓને સાયન્સ કીટ,રોબોટિક કીટ, ડ્રોન , 3-D પેન , ઇલેક્ટ્રિક કીટ,ટેલિસ્કોપ અંગેની પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી.

- ઇનોવેશન ક્લબ “Can Do Activity” અંતર્ગત માટે તા. 15/12/2025ના રોજ વિદ્યાર્થીઓમાં ઊર્જા બચત અંગે જાગૃતિ ફેલાવવા અને પર્યાવરણ પ્રત્યે જવાબદારી વિકસાવવા માટે. “National Energy Conservation Day” થીમ ઉપર Poster Competition નું આયોજન કરેલ. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## જીએલએસ વોઇસ

**પ્રા.(ડૉ) અજીત.જે. પરમાર , પ્રા.(ડૉ)બીના.એલ. શુક્લ ,પ્રા.(ડૉ) ક્ષિતિ ભટ્ટ, પ્રા.(ડૉ) નિલય પંચાલ**

ગુજરાત લૉ સોસાયટી દ્વારા જીએલએસ વોઇસ ની શરૂઆત 2009 થી કરવામા આવી હતી, જેનો હેતુ ગુજરાત લૉ સોસાયટી ની સંસ્થાઓની વિવિધ પ્રવૃતિઓ અને વિકાસકાર્યોને વાચા આપવાનો છે. પ્રિ. ડૉ.ભાલચંદ્રભાઇ જોષી, રજિસ્ટ્રાર, ના સફલ નેત્રુત્વ અને માર્ગદર્શનથી જીએલએસ વોઇસની શરૂઆત કરવામા આવેલ, જે અત્યારે ખૂબ જ સુંદર રીતે કાર્ય કરે છે.કોલેજ પરિવાર જીએલએસ વોઇસમા પ્રકાશિત થયેલ પ્રવૃતિથી માહિતગાર રહે છે અને વિદ્યાર્થીઓ ને પોતાના યોગદાન ને પ્રદર્શિત કરવા ની તક મળે છે. જીએલએસ વોઇસના ઈ-પ્રકાશન દ્વારા જી એલ એસ પરિવાર વિવિધ પ્રવૃત્તિઓ થી માહિતગાર થાય છે અને તેને પણ આવી પ્રવૃત્તિઓ કરવા ની પ્રેરણા મળે છે.

જીએલએસ પરિવારના આચાર્યો, અધ્યાપકો, શિક્ષકો અને વિદ્યાર્થિઓના માહિતિસભર લેખો, જીએલએસ ની કોલેજો તેમાજ શાળા ના વિવિધ કાર્યક્રમો ની વિગતો રજુ કરવામા આવે છે. આ એક આવકારદાયક પગલુ છે, જે વિવિધ સંસ્થાઓનું એક વાસ્તવિક દર્પણ છે.

આ વર્ષે આપણી કૉલેજ ની શ્રેષ્ઠ પ્રવૃતિઓ જીએલએસ વોઇસમા પ્રકાશિત થઇ છે જેમા, નૈનપુર મેડિકલ કેમ્પ, કૉલેજ કેમ્પસમા યોજાયેલ મેડિકલ કેમ્પ, નેશનલ કોન્ફરન્સ, કોમર્સ આઇડોલ સ્પર્ધા, સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા જેવી કોલેજ ની પ્રવૃતિઓ જીએલએસ વોઇસમા આપવમા આવેલ છે.

## ભૂતપૂર્વ વિદ્યાર્થી સમ્મેલન

**પ્રા.(ડૉ) નિલય પંચાલ, , પ્રા.(ડૉ) મહેન્દ્ર . એસ. વસાવા, પ્રા.(ડૉ) અજીત.જે. પરમાર, પ્રા.(ડૉ) મહેન્દ્ર એચ. મૈસુરિયા**

તા.20/09/2025 ને શનિવાર ના રોજ કોલેજનાં કે.આર.સંત હોલમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહ મિલન કાર્યકમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યકમમાં 46 જેટલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યકમમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે ગમ્મત ગુલાલ, નાટક જેવા સાંસ્કૃતિક કાર્યકમો પણ રાખવામાં આવેલ હતા. કાર્યકમને અંતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એ પોતાના પ્રતિભાવો આપેલ અને સારા કાર્યો કેવી રીતે થઇ શકે તે અંગે પોતાનાં પ્રતિભાવો અને સૂચનો આપ્યા હતા. આ સમગ્ર કાર્યકમના સફળ આયોજન ના માર્ગદર્શક કોલેજનાં પ્રિ. ડૉ.પી.ટી.જરીવાલા સાહેબ હતા, સાથે સહાયક તરીકે પ્રો.મહેશ વસાવા, ડૉ.એ.જે.પરમાર અને ડૉ.એમ.એચ.મૈસુરીયા સાહેબ રહ્યા હતા. આ સમગ્ર કાર્યકમનું સ્ટેજ સંચાલન ડૉ. મનિષ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સાયબર સુરક્ષા અને જાગૃતિ ક્લબ:

**પ્રા.(ડૉ) મનીષ પટેલ**

ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન ડૉ. મનિષ પટેલ અને ડૉ. જીજ્ઞેશ તોગડીયા દ્વારા સાયબર સુરક્ષા અને જાગૃતિ ક્લબ હેઠળ વર્ષ દરમિયાન સાયબર સુરક્ષા અને જાગૃતિ ક્વિઝ , પોસ્ટર મેકિંગ સ્પર્ધા અને KCG ખાતે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના વિદ્યાર્થી ભાઇ - બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## શ્રી સુધીરભાઈ નાણાવટી દ્વારા પ્રિ.(ડૉ) પ્રશાંત.ટી. જરીવાલાનું સ્વાગત અને શુભેચ્છા





## શ્રી નિલેશભાઈ વોરા તેમજ શ્રી ઈશ્વરભાઈ દેસાઈને વયનિવૃત્તિ કાર્યક્રમ






## ભૂતપૂર્વ વિદ્યાર્થી સમ્મેલન





## ઇન્ટર યુનિવર્સીટી પ્લેયેર



પ્રજાપતિ ધ્રુવ એમ., સેમેસ્ટર-૬
વૉલીબૉલ



સોલંકી યશ સેમેસ્ટર-૬
ખો-ખો



શ્રીમાળી દિશા સેમેસ્ટર-૬
ખો-ખો

## વિશ્વ યોગ દિવસની ઉજવણી






## વ્યસન મુક્તિ શપથ અભિયાન



## ટ્રેડીશનલ દિવસની ઉજવણી



# રમત-ગમતની પ્રવૃતિઓ














# સ્ટેટ લેવલ કોમર્સ આઈડોલ કોમ્પિટીશન અને પ્રિ. ટી. જે. રાણા ઓપન બુક કોમ્પિટીશન















